શ્રી ભક્તામર

# ધ્યાન સાધના



-પં. અરૂણવિજય મહારાજ




શ્રીમાનતુંગસૂરીશ્વરજી મ. ભગવાન-ઋષભ દેવ નું ધ્યાન ધરી ભક્તામરની રચના કરે છે.

ॐ શ્રી ઋષભદેવાય નમઃ

# શ્રી ભક્તામર ધ્યાન સાધના


લેખક....

પંન્યાસ અરૂણવિજય મહારાજ

(રાષ્ટ્રભાષા રત્ન, સાહિત્ય રત્ન M.A., ન્યાય-દર્શનાચાર્ય M.A.,Ph.D.)



* પ્રકાશક *

શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન

વીરાલયમ્ - પુના.

પુસ્તક નામ : ભક્તામર ધ્યાન સાધના

લેખક : પ.પૂ. આચાર્યદેવશ્રી સુબોધસૂરિ મ.સા.ના શિષ્ય
પન્યાસ અરૂણવિજય ગણિવર્ય મહારાજ

પ્રુફ સંશોધક : પૂ. મુનિશ્રી હેમન્તવિજય મહારાજ

પ્રકાશક સંસ્થા : શ્રી મહાવીર રિસર્ચ ફાઉંડેશન-વીરાલયમ્
દાઢે રૂઈકર હાઉસ, ૨૦૦૭, સદાશિવ પેઠ,
ટિળક રોડ, પુના-૪૧૧૦૩૦. ફોન: ૪૪૭ ૮૦૮૬

નિમિત્ત : શ્રીમતી ઈન્દુબેન વી. શાહના પુણ્યસ્મરણાર્થે

આર્થિક સહયોગ : શ્રી વિનુભાઈ ચુનીલાલ શાહ

શ્રી મહાવીર જૈન સાહિત્ય સુમન-૪૬.

વિ.સં. ૨૦૫૭, વી.સં. ૨૫૨૭ ઈ.સં. ૨૦૦૧
ગુજરાતી ભાષા પ્રથમ આવૃત્તિ-૨૦૦૦ પ્રતિ.

: પ્રાપ્તિ સ્થાન :

શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન. વીરાલયમ્

**કાર્યાલય** ફોન નં.૪૪૭ ૮૦૮૬
દાઢેરૂઈકર હાઉસ. ૨૦૦૭ સદાશિવપેઠ, ટિળક રોડ, પુના. ૪૧૧૦૩૦.

**મુંબઈ**

**નીતિન રમણલાલ પટણી Ph.: 203 7099**
અમૃત નિવાસ, ૨જે માળે, ૧૬૫ લુહાર ચાલ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.

**વિનુભાઈ સી. શાહ Ph.: 8875761 / 886 6692 / 887 4157**
૩૯, ગૌતમજ્ઞાન, દામોદરવાડી પાસે, કાંદીવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧.

# સમર્પણ

## શ્રી ઈન્દુબેન શાહ

જે મારા જીવનમાં સાથે જોડાયા...
મને ધર્મ પમાડ્યો...
ધર્મ માર્ગે વાળ્યો,
ધર્મનો રંગ લગાડ્યો...

મારા ભવાંતરની જેણે સતત ચિંતા કરી
તત્ત્વજ્ઞાનનો રસ જગાડ્યો...
એવા મારા આજીવન સાથી,
સીમંધર સ્વામી...ભગવાન...

અને
મહાવિદેહક્ષેત્રનું રટણ
કરતા...કરતા..
સંસારથી વિદાય લીધી



તેમને....
સાદર
સમર્પણ.......

વિનુભાઈ ચુનીલાલ શા

नमो नमः श्री गुरुभक्ति सूरये !

પ.પૂ. ગચ્છાધિપતિ
આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મા. સા.

**પન્યાસ હેમચંદ્રવિજય મા.સા.**

ૐ

શંખેશ્વરથી. ૧/5/૨૦૦૦

આચાર્ય વિજય પ્રેમસૂરિ આદિ (ઠાણા).
ધર્મપ્રેમી સુશ્રાવક શ્રી વિનુભાઈ આદિ જોગ

ધર્મલાભ.

સૌ ક્ષેમકુશળ હશો.

જાણ - દુઃખ સાથે જણાવવાનું કે સુશ્રાવિકા હીનુબેન વિનોદભાઈ શેઠના દેહવિલયના સમાચાર જાણી ~~સૌને~~ દુઃખ થયું છે.

તેમના આત્માની શ્રેષ્ઠ સ્થિતિ તથા તેમનો યોગાધ્યાત્મનો અભ્યાસ વિગેરે એવા વિરલ અને અલૌકિક હતા કે ભાગ્યે ભવ્યાત્માઓમાંથી કોઈ એકાદમાં જ હોય.

તેઓ પામી ગયા છે. (આત્માનું કલ્યાણ સાધી ગયા છે) માટે શોક ના કરશો.

દાદા સીમંધરસ્વામીજી પાસે આત્માનો ઉદ્ધાર કરી તેઓ મોક્ષ પામશે તેમાં કોઈ શંકા નથી.

સૌને. લિ. આ. વિજયપ્રેમ
સૂરિના ધર્મલાભ વાંચશો

# ઈન્દુમતિબેન વિનુભાઈ શાહ

## જીવન ઝરમર

ગરવી ગુજરાતના ઝાલાવાડ પરિસરના લિંમડી ગામના વતની શેઠ અમુલખ પરસોત્તમ શાહ ના સુપુત્રી ઈન્દુમતિબેનનો જન્મ વિ.સં. ૧૯૯૬ના માગસર સુદ ૨ ના શુભ દિવસે થયો. બાલ્યવયથી જ ધાર્મિક અભ્યાસ અને ઉંચા સારા સંસ્કારો થી સુસંસ્કૃત થયા. યૌવનવયમાં વઢવાણ નિવાસી શ્રેષ્ઠીવર્ય ચુનીલાલ માણેકચંદ શાહના સુપુત્ર વિનુભાઈ ની સાથે વિ.સં. ૨૦૧૯ (ઈ.સ. ૧૯૬૨) માં લગ્ન ગ્રંથીથી જોડાયા. જન્મજાત ધાર્મિક સંસ્કારો લઈને સાસરે આવેલા ઈન્દુબેને આખા ઘરને ધર્મના રંગે રંગી દીધો.

નિરંતર ધાર્મિક અભ્યાસ કરતા-કરતા... તેમને ઘણાં તત્ત્વોની ઉંડી સમજણ કેળવી. તાત્ત્વિક વ્યાખ્યાનોં શ્રવણ કરવાનો તેમનો રસ ઘણોં સારો હતો. તત્ત્વજિજ્ઞાસુ ઈન્દુબેને પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-તત્ત્વાર્થાદિનો ઉંડો અભ્યાસ કર્યો. અને રોજે રોજ અર્થ-ભાવાર્થ સાથે સ્વાધ્યાય કરતા હતા. જાપ-ધ્યાન નો પણ ઉંડો રસ ધરાવતા હતા. ઋષિમંડળ સ્તોત્રનો જાપ ૧ દિવસમાં ૨૨ કલાક કર્યો હતો. ધ્યાન સાધનાનો પણ ઘણોં સારો અભ્યાસ હતો.

**જિન ભક્તિ** - પરમાત્મ ભક્તિના ઘણાં સારા રસીયા હતા. ખાસ કરીને આનન્દઘનજીના અઘરા સ્તવનોં ખૂબસારી રીતે ગાતા હતા, અને અર્થો પણ સમજાવતા હતા. એમના જીવનમાં એમને ભક્તામર, ઋષિ મંડળ, સિદ્ધચક્ર, ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજનાદિ અનેક પ્રકારના ૨૨ મહાપૂજનોં ભણાવ્યા હતા. વિવિધ તીર્થોમાં પ્રભુ ભક્તિ વિશેષ કરતા હતા.

**તીર્થ યાત્રા** - અનેક તીર્થોની યાત્રાઓ અનેક વાર કરી હતી. ઘણીવાર દર મહીને ગિરિરાજ શત્રુંજ્ય મહાતીર્થની યાત્રાઓ કરવા જતા હતા. લગભગ ૨૦૦ વાર ગિરિરાજની તીર્થ યાત્રા કરી હશે. શ્રી શંખેશ્વર તીર્થની અનેક વાર યાત્રાઓ કરી. લગભગ બધા તીર્થોની યાત્રાઓ કરી હતી.

**સેવા - ભક્તિ** - પૂ. સાધુ સાધ્વીજી ભગવંતોની ગોચરી-પાણી આદિથી ખૂબ સેવા ભક્તિ કરતા હતા. ખૂબ સારો ઉપયોગ અને વિવેક રાખી ને પૂજ્યોના લોચાદિ અવસરે સવિશેષ ભક્તિ કરતા હતા. શંખેશ્વર તીર્થે મહીનો-મહીનો રહીને પણ અનેક પૂજ્યોની સેવા ભક્તિ કરતા હતા. વૈયાવચ્ચના રંગે રંગાયેલા હતા.

**તપશ્ચર્યા** - પોતાના શરીરની સ્વસ્થતા કદાચ જોઈએ તેવી ન રહેવા છતા પણ તપશ્ચર્યાનો રંગ પણ તેમને ઘણોં સારો લાગ્યો હતો. વીશસ્થાનકની તપશ્ચર્યા ઉપવાસ થી કરી. ગૌતમસ્વામીના છઠ્ઠ કર્યા. ૧૫ નવપદજીની ઓળીઓ કરી. ૯૯ આયંબિલ સળંગ કર્યા. અને પાલીતાણા તીર્થે જઈને પારણું કર્યુ. ૨૦ અઠ્ઠાઈઓ કરી હતી. ૨૮ વર્ધમાનતપની ઓળીઓ કરી. શંખેશ્વર દાદાના અનેક અઠ્ઠમો કર્યા હતા. છઠ્ઠ કરીને સિદ્ધાચલ તીર્થની યાત્રા કરી હતી. ક્ષીર સમુદ્ર તપ, શ્રેણિતપ, સિદ્ધિતપ આદિ અનેક નાની-મોટી

તપશ્ચર્યાઓ કરી. અને તેના ઉજમણાઓ પણ કર્યા. તપસ્વીઓને પારણા કરાવવાનો લાભ પણ અનેક વાર લેતા.

**જિનવચનમાં** પૂર્ણ શ્રદ્ધા રાખનાર શ્રાવિકાએ કર્મ-ધર્મનો ઉંડો અભ્યાસ કરીને ચિન્તન-મનન કરતા હતા. અષ્ટાંગયોગનો અભ્યાસ કરી આસન-પ્રાણાયામાદિ-તેમજ ધ્યાનાદિ કરતા હતા. અનેક જ્ઞાની-ગીતાર્થ પૂજ્ય આચાર્ય ભગવંતાદિ વિદ્વાન મુનિરાજો પાસેથી ઘણું તત્ત્વજ્ઞાન મેળવ્યુ હતુ. મહાસતીજી પાસેથી આગમોનું શ્રવણ પણ કર્યુ હતુ.

**દિવ્ય કૃપા અને અનુભૂતિ** - માતા ભગવતી પદ્માવતી દેવી ના અનન્ય ઉપાસક હતા. તેમના દર્શનાદિ અનેકવાર મેળવ્યા. તેમની દિવ્ય કૃપા અને આશીર્વાદ થી કેટલીક એવી પણ લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી કે જેના પ્રતાપે તેમને દિવ્ય સુગંધ આવતી. તેમના વસ્ત્રો-આદિ માંથી પણ સુગંધ પ્રસરતી. સ્વપ્નાઓ અને સંકેતો મળતા હતા. એવી જ રીતે અંબિકા માતાજીની કૃપા ઘણી મેળવી હતી. તેમના દર્શન કર્યા હતા.

જીવનમાં ચોથા વ્રતના પચ્ચકખાણ લઈ અનેક વ્રતો આરાધતા વ્રતધારી શ્રવિકા બની નિયમબદ્ધ જીવન જીવ્યા હતા. ટી.વી.-સિનેમા આદિ જોતાજ નહોતા.

**દેરી બંધાવી** - શ્રી શંખેશ્વર તીર્થમાં ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહારમાં ૨૪મી દેરી અંતરિક્ષ પાર્શ્વનાથ પ્રભુની બંધાવીને, પ્રતિષ્ઠા કરાવી છે. સ્વામીવાત્સલ્યાદિ શુભ પુણ્ય કાર્યો કરાવ્યા છે.

**અંતિમ સાધના** - ૬૧ વર્ષના આયુષ્ય કાળ દરમ્યાન જૈન શાસનની શ્રેષ્ઠ સાધના કરતા-કરતા... જીવનનો અંતિમ કાળ સમીપે આવ્યો. સાધક હતા એટલે સાધના ચૂકતા નહીં. ૧૪ ગુણસ્થાનકોનું પણ ચિંતન કરતા. કર્મ વિષયક પુસ્તકો-કર્મ તણી ગતિ ન્યારી, ધ્યાન શતક, યોગશતકાદિ ગ્રંથોનો સ્વાધ્યાય કરતા. સતત આત્મચિંતનમાં મગ્ન રહેતા. શરીરની અશક્તિ, રોગાદિ માં પણ ઔષધોપચારનો લક્ષ્ય ન રાખતા, પરમાત્મા-ધર્મનું સ્મરણ કરતા હતા. મારે સ્વર્ગમાં નથી જવુ. મહાવિદેહમાં જવાનું રટણ ચાલતુ હતુ. સીમંધર સ્વામીની પ્રાપ્તિ તેમના દર્શનની સતત ઝંખના રહેતી. અન્તમાં આ જ સમાધિભાવ બની ગયો. અને મહામંત્રનું, સીમંધર સ્વામીનું રટણ કરતા કરતા તા. ૭મી મે. ૨૦૦૦ના દિવસે તેમને દેહ છોડી દીધો. નશ્વર દેહ છોડી તેમનો આત્મા મહાવિદેહની યાત્રાએ સીધાવી ગયો.

મારા જેવાને આજીવનભર સાથ આપી મને પણ ધર્મ પમાડી ધર્મના રંગે રંગ્યો, ઉત્તમ રંગ લગાડીને આ દુનિયા છોડીને ગયા...તેમની પુણ્યસ્મૃતિમાં જ્ઞાનયોગ-આદિના શુભ પુણ્યકાર્યો કરીને કૃતકૃત્ય થાઉં છું. સમ્યગ્ જ્ઞાનના પ્રચાર-પ્રસારાર્થે તેમની ભાવનાનુસાર અને પ્રેરણાનુસાર આજે આ ત્રીજુ જ્ઞાનસત્ર એક વર્ષમાં યોજ્યુ છે. એ અવસરે આ ધ્યાન સાધનાનું પુસ્તક પ્રકાશિત કરીને તેમને જ અર્પણ કરૂં છું.

લિ. વિનુભાઈ ચુ. શાહ

કાંદીવલી (પૂર્વ) મુંબઈ.
તા. ૧૦ જૂન ૨૦૦૧

# પ્રાસ્તાવિકમ્

દસમાં સૈકામાં શ્રી ભક્તામર મહાસ્તોત્રની રચના થઈ છે. અને ૧૦૦૦ વર્ષો થી આ મહાસ્તોત્રનો સ્તોત્રપાઠ થઈ રહ્યો છે. પણ શું માત્ર સ્તોત્રપાઠ કરીને જ સંતોષ માની લેવાનો છે? જેમ બાળક પહેલી-બીજી...ક્લાસ કરતો–કરતો ક્રમે ક્રમે આગળ વધે છે. અને એક દિવસ B.A.,M.A. પણ કરે છે. તેમ શું આ ભક્તામરસ્તોત્ર જેવાની સાધનામાં પણ આગળ ન વધી શકાય? ના તો કેમ પડાય? મને લાગે છે કે સ્તોત્ર પાઠ કરવો એ પ્રાથમિક કક્ષા છે. અને આગળની કક્ષામાં જાપની કક્ષા પણ છે. ધ્યાનાત્મક સ્વરૂપ આનું કેમ નહીં ?

રચયિતા માનતુંગસૂરિ મહારાજે પોતે પણ આ મહાસ્તોત્રની રચના ધ્યાન કરીને જ કરી હોય એવું સ્પષ્ટ લાગે છે. આવું ઉત્તમ સર્જન ધ્યાન કર્યા વિના સંભવ નથી. પ્રત્યેક ગાથાઓમાં અપાયેલી ઉપમાઓ ઉપમેયની સાથે જે રીતે ગોઠવાઈ છે. તે ધ્યાનમાં આખું દશ્ય પોતાના માનસ પટલ ઉપર ચિત્રાત્મક ઉપસાવીને પછી જ તેને અક્ષર દેહ આપવામાં આવ્યો છે. વસન્તતિલકા છન્દમાં હ્રસ્વ-દીર્ઘાદિના ક્રમે જે રીતે સહજભાવે વ્યાકરણ શુદ્ધ રચના કરવામાં આવી છે તેમાં જે જે તત્ત્વો અને ભાવો ભરવામાં આવ્યા છે તે ધ્યાનમાં સાક્ષાત્કાર કરીને પછી જ ભરવામાં આવ્યા છે.

પૂ. માનતુંગસૂરિ મહારાજ ના મનમાં...એમના અંતરમાં ઉતરવાનો પ્રયાસ કર્યો છે. એમના અંતરંગ હાર્દને પામવાનો સમજવાનો પુરૂષાર્થ કર્યો છે. અને તે પણ ફક્ત પહેલી ગાથાનો જ સામાન્ય ક્ષયોપ શમથી પણ પહેલી ગાથાના ભાવો ને, ગૂઢાર્થ-રહસ્યાર્થ ને બહાર લાવવા પુરૂષાર્થ કર્યો છે. આ તો પ્રાથમિક ચંચુપાત માત્ર છે.સંભવ છે કે વાસ્તવિક ઉંડાણ સુધી પહોંચી શકાશે. માત્ર સ્તોત્ર પાઠ કરી જવુ એ બાળપોથી જેવી પ્રાથમિક સાધના માંથી આગળ વધારવા સાધકોને આંગળી ચિંધવાનું કામ આ લઘુ પુસ્તિકા દ્વારા કર્યું છે. સાધક ધ્યાનની કક્ષામાં આગળ વધી શકે, આન્તરિક હાર્દને પામી શકે, અને ભક્તિના સ્વરૂપને ધ્યાનમાં અનુભવી શકે, સાચો આનંદ પામી શકે અને વધુ કર્મ નિર્જરાનું લક્ષ્ય સાધી શકે એવા પવિત્ર આશયથી પહેલી ગાથાના ધ્યાન માટેનો પ્રથમ પ્રયાસ કર્યો છે. ગીતાર્થો વધુ સૂચવશે.

**અરૂણ વિજય**

# પ્રકાશક સંસ્થા તરફથી

જેની અમેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી એ ભક્તામર મહાસ્તોત્રને ધ્યાનનું સ્વરૂપ આપીને પુસ્તકાકારે પ્રકાશિત કરવાનું અમને સૌભાગ્ય પ્રાપ્ત થયો છે એ જ પરમ આનંદની વાત છે. અમારી સંસ્થાના પ્રાણ સમા **પ.પૂ.પંન્યાસપ્રવર શ્રી અરૂણવિજયજી મહારાજે "ભક્તામર ધ્યાન સાધના"** નામની આ લઘુ પુસ્તિકા ગુજરાતી ભાષામાં લખીને જૈન શાસનમાં એક નવી દીશા ચિંધવાનું જે કાર્ય કર્યુ છે તે ખરેખર સ્તુત્ય છે. ભક્તામર ના ભક્તવર્ગને એક પગથીયુ આગળ વધવા માટે આ પુસ્તક આલંબન-સહયોગી બનશે. હજી તો ફક્ત પહેલી ગાથાનું જ આ ધ્યાન સ્વરૂપ છે. જ્યારે આ મહાસ્તોત્રની ૪૪ ગાથાઓ પ્રચલિત છે. કદાચ આવી ૪૪ પુસ્તકો પણ ભવિષ્યમાં સંભવ બની શકે. ના તો ન જ કહી શકાય. કંઈ જ અસંભવ નથી. બધુ સંભવ છે.

ચીલાચાલુ ધોરણે રોજ માત્ર પાઠ કરી લીધુ છે. અર્થ જ્ઞાન ન હોવાથી તોતા રટણની જેમ એ બાળ સાધના બની જાય છે. અને માત્ર નિયમ સચવાયાનો સંતોષ માની લેવાય છે. જ્યારે ફક્ત પહેલી ગાથા ના ઉંડાણના હાર્દને, ગૂઢાર્થ કે રહસ્યાર્થ ને સમજીને એને ધ્યાન સાધનાનું રૂપ આપવામાં પૂજ્ય પંન્યાસજીમહારાજે જે પરિશ્રમ લીધો છે. તે ખરેખર અનુમોદનીય છે.

કાંદીવલી (પૂર્વ) મુંબઈમાં રહેતા **શ્રેષ્ઠીવર્ય શ્રી વિનુભાઈ ચુનીલાલ શાહે** પોતાની ધર્મિષ્ઠ તત્ત્વ જિજ્ઞાસુ શ્રાવિકા ઈન્દુબેનની સ્મૃતિમાં આર્થિક સહયોગ કરીને આને પુસ્તકરૂપે છપાવરાવી પ્રસિદ્ધ કરવામાં સાથ આપ્યો છે તે બદલ તેમને અભિનંદન ઘટે છે. તેમને યોજેલી શિબિર પ્રસંગે આ પુસ્તક સાધકોના કરકમળોમાં મુકતા અમેં ગૌરવ અનુભવીએ છીએ. **પૂ.મુનિ શ્રી હેમંતવિજયજી** મહારાજે ચીવટ પૂર્વક પ્રુફ તપાસીને શુદ્ધિકરણ કરેલ છે. અમારી સંસ્થા તરફથી શ્રી મહાવીર જૈન સાહિત્ય સુમનનું આ ૪૬મું પુષ્પ પ્રગટ કરતા અમેં અમારી આ સાહિત્ય પ્રકાશનની વણથંભી વણઝારને આગળ ધપાવીએ છીએ. કદમા પુસ્તક ચોક્કસ ઘણું નાનું છે. પરંતુ જાપ-ધ્યાનના રસિક સાધકો માટે ઘણું જ મહત્ત્વનું, અગત્યનું છે. એક સામાયિક સુંદર રીતે ધ્યાન સાધના પૂર્વક કરી શકાય છે. અને આનંદની અનુભૂતિ કરી શકાશે. કર્મ નિર્જરા વધુ કરી શકાશે. સહુ કોઈ માટે આ પુસ્તક ઉપયોગી નીવડો એજ અભ્યર્થના.

-મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન
ટ્રસ્ટી ગણ

*ચરણ કમળ .....મેં... "ધ્યાન" ધરત હું....*

# ભક્તામર સ્તોત્રની પહેલી ગાથામાં "ધ્યાન"

(શાન્તચિત્તે સારી રીતે..વાંચી..સમજીને..પછી તે મુજબ સ્વયં ધ્યાન ધરવું)

પૂર્વ ભૂમિકા... પૂ. માનતુંગસૂરિ મહારાજ ભોંયરામાં ધ્યાનાવસ્થામાં બેઠા છે. સામે માનસ ચિત્રાકૃતિ રૂપે પરમાત્મા આદિનાથ ભગવાનની કાયોત્સર્ગાવસ્થામાં ઉભી મૂર્તિ છે. એમની દૃષ્ટીમાં સતત અખંડરૂપે શ્રી આદીશ્વર દાદા છે. પોતાના શરીર ઉપર "*आपाद कंठ मुरु शृंखल वेष्टीतांगा*" - પગથી લઈને ગળાસુધી અનેક લોખંડની સાંકળો બંધાયેલી છે. આચાર્યશ્રીને આ સાંકળો તોડવા-ખોલવાની કોઈ ચિન્તા નથી. માટે ચમત્કાર કરવાની પેરવી પણ નથી કરતા. અને હા... ચમત્કારો કરવાથી થાય એના કરતા જાતે થઈ જાય, સ્વાભાવિક રીતે થાય તે જ વધુ ઉત્તમ છે. પરમાત્મા આદિનાથ પ્રભુનું ધ્યાન કરવાની ઉત્તમ તક મળી છે એમ સમજીને સ્વસ્થતા પૂર્વક શાન્ત ચિત્તે પરમાત્માનું ધ્યાન ધરે છે. "*ध्यानाग्निना दह्यते कर्म*" નો સિદ્ધાંત ખૂબ સારી રીતે જાણનારા પૂજ્યશ્રીએ કર્મક્ષય ને પ્રાધાન્યતા આપી છે. શરીર ઉપરની લોખંડની સાંકળો તોડવી એ કોઈ મોટી વાત નથી. સૌથી મોટી અને અન્તિમ કક્ષાની મોટીવાતતો કર્મોને ખપાવવાની છે. કર્મોનું બંધન આત્મા ઉપર જેટલું સજ્જડ છે તેટલી લોખંડની સાંકળ કર્મોની સામે કંઈ હિસાબમાં નથી. અને આ તાકાત જેટલી ધ્યાનમાં છે એટલા પ્રમાણમાં બીજા કોઈમાં નથી. માટે પૂજ્યશ્રીએ ધ્યાનને જ આધારભૂત માર્ગ તરીકે સ્વીકાર કર્યુ છે. ધ્યાન સાધનાની આ પ્રક્રિયામાં કેટલી અજોડ દૃઢ શ્રદ્ધા પૂજ્યશ્રીને હશે? કલ્પના કરી જૂઓ. એક તરફ પરમાત્મા આદીશ્વર દાદા...ધ્યાનાર્થે સર્વોત્કૃષ્ટ આલંબન છે. બીજી તરફ ધ્યાન એ સર્વોત્તમ સાધના છે. ત્રીજી તરફ મહાત્માના પોતાના ધ્યાનના અધ્યવસાયો પણ સર્વોત્તમ છે. બસઃ...તો પછી પરિણામ આવતા વાર કેટલી લાગે? સાચા નમસ્કારો ચમત્કાર સર્જવામાં વાર નથી લગાડતા. પરંતુ માત્ર ચમત્કાર કરવાની વૃત્તિથી જ કરાતા નમસ્કારો કદાચ પરિણામ નથી પણ લાવતા. જ્યારે સર્વોત્તમ કક્ષાના

સાચા નમસ્કારો ક્યારેય નિષ્ફળ નથી જતા. પણ હા..કોઈના ચમત્કારો જોઈ કે સાંભળીને ધ્યાન કરવા માટે ઉતાવળા થનારા ધ્યાન કરી શકતા નથી. અને ઉપરથી સ્વાર્થવૃત્તિ કે લોભ તેમના મન ઉપરની પક્કડ છોડતા નથી. બાહ્ય સ્વરૂપને કદાચ તેઓ ધ્યાન માની લેતા હશે? પરન્તુ ચિત્તવૃત્તિનો નિરોધ ન થવાના કારણે ધ્યાનની શરૂઆત જ થતી નથી. એકાગ્રતા આવતી જ નથી. તેમ છતાં પણ ઘણાં ધ્યાન કર્યાના ભ્રમમાં જ રહી જતાં હોય છે.

**ધ્યાતા-ધ્યેય-ધ્યાન**

ધ્યાતા - ધ્યેય - અને ધ્યાનની આ ત્રિપુટીમાં એકરૂપતા, એકાકારતા, એક વાક્યતા આવી જાય તો સમાપત્તિની કક્ષા અવશ્ય આવે. અને ન આવે તો સંભવ જ નથી. સાધ્ય-સાધન-સાધના અને સાધકની ચતુર્ભંગીમાં પણ આવી જ એકાગ્રતા, એકરૂપતા, એકાકારતા આવવી ખૂબ જ અનિવાર્ય છે. માટે સાધકે સાધ્યને અનુરૂપ અધ્યવસાયો અત્યન્ત વિશુદ્ધ કરવા જોઈએ. અને સાધ્યને અનુરૂપ સાધનોનું આલંબન લઈને સાધના કરવી જોઈએ. જો ધ્યેય ખોટું હશે તો ધ્યાન ચોક્કસ ખોટુંજ થશે. પછી તે શુભ કે શુદ્ધની કક્ષાનું ધ્યાન ન થતા અશુભ અને અશુદ્ધ ની કક્ષાનું ધ્યાન થશે, દુર્ધ્યાન થઈ જશે. માટે ધ્યાન કરવાની ઉતાવળ કરવા કરતા પહેલા ધ્યેયનાં નિર્ણય કરવો અત્યન્ત આવશ્યક છે.

**જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાનની ત્રિપૂટી**

ધ્યેય તત્ત્વો હોય છે, સર્વ પ્રથમ જ્ઞેય નું સાચુ-સમ્યગ્ જ્ઞાન થવું અત્યન્ત આવશ્યક છે. જ્ઞાન વિના જ્ઞેયનું સાચુ સ્વરૂપ સમજાતુ નથી. અને જ્ઞાન સાચા જ્ઞાની વિના સંભવ નથી. અને જ્ઞાન વિના જ્ઞાતા ધ્યાન કેવી રીતે કરશે? કારણ ધ્યાન એ મેળવેલા જ્ઞાનની અનુભૂતિ છે. જ્ઞેય પદાર્થોને જ્ઞાનયોગથી જે રીતે ઓળખી લીધા છે. તેમને ધ્યાન ની કસોટી ઉપર અનુભવવાના છે. જ્ઞાનમાં આવેલુ હોય જ્ઞેય પદાર્થો-તત્ત્વોનું જ્ઞાન ધ્યાનમાં સતત ઉપયોગી બને છે. દિવસો અને મહિનાઓ સુધીના અથાગ પુરૂષાર્થથી મેળવેલુ જ્ઞાન ધ્યાન સમયે અલ્પ કાળ માં દૃશ્યમાન થાય છે. ધ્યાનની તીવ્રતા હજી એ જ્ઞાનના ઉંડા રહસ્યો ઉઘાડતા જાય છે. માટે જ્ઞાન વિના ધ્યાન સંભવ નથી. ધ્યાનથી જ્ઞાન સંભવ છે. અને જ્ઞાનથી ધ્યાન સરળ સુગમ બને છે. ધ્યેયના અજ્ઞાન ના કારણે ધ્યાન પણ અજ્ઞાનાત્મક બનશે. અને ધ્યેયના સમ્યગ્ જ્ઞાનના આધારે ધ્યાન પણ સાચુ-

સમ્યગ્ બનશે. માટે ધ્યેયના સમ્યગ્ જ્ઞાનવાળાજ ધ્યાન કરવા માટે યોગ્ય પાત્ર બને છે. અજ્ઞાની ધ્યાનમાં ટકી શકતા નથી. ધ્યેયાકારતા પણ કેળવી શકતા નથી અને ધ્યેયાકારતા, ધ્યેયમાં તન્મયતા, તદાકારતા ન આવે તો ધ્યાન થયું ન કહેવાય. જેમ રસોઈની સુગંધ લેવી અને રસોઈ જમવી એ બન્નેમાં ઘણો તફાવત છે. તૃપ્તી સુગંધથી નહીં, જમવા થી થાય છે પરન્તુ સુગંધ ગ્રહણ એ તો માત્ર પ્રથમ પગથીયુ છે. ઈચ્છા જનક છે. જ્યારે સાચી તૃપ્તી-સંતોષ તો જમ્યા પછી જ થાય છે. એવી જ રીતે ધ્યેય નું જ્ઞાન એ પ્રથમ પગથીયુ છે. આ જ ઓળખ ધ્યાનમાં પરિણમે છે અને ધ્યાનનું પરિણામ લાવે છે. ધ્યેયાકાર બનાવીને ધ્યાતાને બધું જ ભાન ભૂલાવી દે છે. ત્યારે ધ્યેયાકાર બનેલો ધ્યાતા ધ્યાનના પરમાનન્દ ને અનુભવે છે. ધ્યાનમાં ધ્યેયાકાર બનેલો ધ્યાતા સમાપત્તિની કક્ષાને પ્રાપ્ત થાય છે. ધ્યાન કરવા છતાં જો ધ્યેયાકાર ન લાવી શકે તો તે ધ્યાન માત્ર સુવાસ ગ્રહણ જેવી સ્થિતી પામે છે પરંતુ ભોજન કર્યાની તૃપ્તિ ન અનુભવી શકે. માટે પ્રથમ જ્ઞેયનું જ્ઞાન મેળવી જ્ઞાતા બનવું પછી ધ્યાન કરતા - કરતા ધ્યાતા બનવું વધુ શ્રેયસ્કર છે. વર્તમાન કાળમાં ધ્યેય-જ્ઞેયનું સાચું જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના ધ્યાન કરવામાં પ્રવૃત્ત થવાની પ્રવૃત્તિ વધી છે પરંતુ તે ઉંડાણને નથી પામી શકતા, માત્ર ઉપર-ઉપર તરીને ચાલ્યા જાય છે. માટે આજે ધ્યાનની અનુભૂતિ કરનારા કરતા ધ્યાન ની મહિમા ગાનારા, વખાણ કરનારા વધારે મળે છે. જ્યારે સમાપત્તિની કક્ષા દુર્લભ બની ગઈ છે. અને તેમ છતાં પણ તેને ધ્યાન માનીને ચાલનારા ઘણા છે.

**પ્રથમ શ્લોકાન્તર્ગત વિષય**

સંપૂર્ણ ભક્તામર સ્તોત્ર ઉપમા-ઉપમેય પદાર્થોથી ભરેલું છે.ઉપમાઓ આપવા માટે ઉપમા યોગ્ય પદાર્થો-તત્ત્વોનું સ્વરૂપ વર્ણવ્યું છે. અને પછી ઉપમેય તત્ત્વનું વર્ણન કરી તેની ઉપમા યોગ્ય પદાર્થ સાથે સરખામણી-તુલના કરવામાં આવી છે. જો કે સર્વજ્ઞ એવા તીર્થંકર પરમાત્મા યુગાદિદેવ આદીશ્વર ભગવાનના અનન્ત કેવળજ્ઞાનાદિની સરખામણી કરી શકે તેવા કોઈ જ પદાર્થો જગતમાં વિદ્યમાન નથી. માટે ઉપમા શત-પ્રતિશત તો સંભવ જ નથી. છતાં પણ આંશિક ઉપમાઓથી પણ સરખામણી કરી છે. જેથી સર્વ સામાન્ય લોકોને તે પદાર્થોનો ખ્યાલ આવે અને તેની સરખામણીમાં પરમાત્મ તત્ત્વ ને તે ઓળખી શકે. આ રીતે

સાધક જો પ્રત્યેક શ્લોક (ગાથા)ના ઉપમા પદાર્થો તત્ત્વોને, તેમના સ્વરૂપને સારી રીતે સમજી શકે તો તેને આપવામાં આવતી ઉપમા કોની છે, ઉપમેય પદાર્થ કે તત્ત્વનું સ્વરૂપ કેવું ચઢિયાતું છે? તે સમજી શકશે. માટે પૂ. માનતુંગસૂરિ મહારાજે પરમાત્માની ઓળખ ઉપમા આપીને સરખામણી કરીને કરાવી છે. જેથી ઓળખ ગમ્ય બની શકે. આવી રીતે આ મહાસ્તોત્રની અનેક ગાથાઓ ધ્યાનનો વિષય બની શકે છે.

ભક્તામર સ્તોત્રની પહેલી ગાથાનો વિષય અગાધ સંસાર સમુદ્ર છે. અને તેને પાર ઉતરવા-તરવા માટે યુગાદિદેવ આદિનાથ પ્રભુના ચરણ કમળ એક માત્ર પોત-જહાજ સમાન છે. જેનાથી સહેલાઈથી પાર ઉતરી શકાય છે. પરંતુ આ ભવ સમુદ્ર પાર ક્યારે ઉતરી શકાય? એક માત્ર પાપ કર્મ ધોવાઈ જાય, ક્ષય થઈ જાય તોજ સંભવ છે, તે સિવાય નહીં. તે માટે આદિનાથ ભગવન્ત ના ચરણ કમળનું ધ્યાનજ પ્રબળ શક્તિમાન છે. તેના વડે જ પાપ કર્મો ક્ષીણ થઈ શકે છે.

આ પ્રથમ શ્લોકમાં વિષય બે વિભાગમાં વહેંચાય છે. પ્રથમના બે ચરણની અર્ધી ગાથામાં પાપરૂપી અંધકાર અને તેનો નાશ પ્રભુના ચરણ કમળની નખપંક્તિમાંથી નિકળતી પ્રકાશ રશ્મિઓથી કેવી રીતે થાય છે, તે એક પ્રક્રિયા દેખાડી છે. આ પ્રક્રિયા ખૂબ જ વૈજ્ઞાનિક છે. એમાં સુંદર કાર્ય-કારણ ભાવ રજુ કર્યો છે. બીજા બે ચરણની અર્ધી ગાથામાં મહાભયંકર સંસાર સમુદ્રનું વિકરાળ દૃશ્ય છે, અને તેને તરવા-પાર ઉતરવા માટે યુગાદિદેવ આદીશ્વરદાદા ના ચરણ કમળ એજ એક માત્ર આલંબનરૂપ જહાજ છે. તરવાનું ઉત્તમ આલંબન છે.

બસ, આ બે જ મુખ્ય વિષયો છે. બન્ને વિષયોમાં પરસ્પર કાર્ય કારણભાવ પણ ઉત્તમ રીતે રજુ કરવામાં આવ્યો છે. એવી જ રીતે બન્ને વિષયો માં અવાન્તર કાર્ય-કારણભાવ પણ દર્શાવ્યુ છે. કારણ થી કાર્ય નિષ્પન્ન થાય છે. તેનું સ્વરૂપ બરોબર સ્પષ્ટ સમજી લેવું જોઈએ.

૧) પાપરૂપી અંધકાર એ કાર્ય છે. અને એને દૂર કરવામાં કારણરૂપ પ્રભુના ચરણ કમળની નખ પંક્તિમાંથી નિકળતી પ્રકાશ રશ્મિઓ છે. તેનાથી ભક્ત એવા સાધક નું પાપરૂપીતમ- (અંધકાર) નષ્ટ થાય છે.

૨) બીજામાં મહાભયંકર આ ભવસાગર છે. સંસારરૂપી સમુદ્ર છે. એ કેટલો વિકરાળ છે. તેનું-મહોદધિનું સ્વરૂપ સમજવાથી સ્પષ્ટ ખ્યાલ આવી જશે. માટે

આ સંસારને મહાસાગરની ઉપમા આપવામાં આવી છે. બધી રીતે જોતા તે સાર્થક લાગે છે. અને આવા મહાસમુદ્રરૂપ ભવસાગરમાં અનેક જીવાત્માઓ ડૂબી રહ્યા છે. સમુદ્રમાં ડૂબી જવું સહેલું છે. તરવું, અને તરીને પાર ઉતરવું ઘણું અઘરૂ છે. તેમાટે એક માત્ર આલંબન પોત-વહાણનું છે. મહાસાગરને વહાણના આધારે તરી શકાય છે. તેવી જ ભવસાગર-અર્થાત સંસારૂપી આ સમુદ્રને યુગાદિદેવ આદિનાથ પ્રભુના ચરણ કમળરૂપી આધારભૂત - આલંબન સ્વરૂપ વહાણ થી સહેલાઈથી તરી શકાય છે.

એક તરફ મહાભયંકર સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. અને બીજી તરફ તેના નિવારક ઉપાયરૂપે એટલા સહેલા-સરળ અને સચોટ ઉપાયો સૂચવવામાં આવ્યા છે કે ન પૂછો વાત. દા.ત. ૧)પાપરૂપી તમ-અંધકાર જે અનન્તા જન્મોનો ઘણોં ભયંકર છે. નિબીડ-ગાઢ છે. જ્યારે એને દૂર કરવાનો ઉપાય એક માત્ર પ્રભુના ચરણ કમળની નખપંક્તિમાંથી નિકળતી પ્રકાશ રશ્મિઓ છે. જે ભક્ત એને ઝીલી શકે છે. તે પોતાના દલિત પાપરૂપી તમ-અંધકારને દૂર કરી શકે છે અને ૨) બીજામાં - મહાભયંકર સંસારરૂપી સમુદ્રને તરવા-પાર ઉતરવા માટે યુગાદિદેવ આદીશ્વર દાદાના ચરણ કમળનું આલંબન છે. જેમ મહોદધિ - મહાસમુદ્ર વહાણના આલંબન વિના તરવું સંભવ નથી, તેવી જ રીતે આ ભવરૂપી સમુદ્ર - ભવસાગર પણ પ્રભુ ચરણોંના આલંબન વિના તરવો-પાર ઉતરવો શક્ય નથી. માટે આ સર્વોત્તમ આધારભૂત આલંબન છે. બસ, આટલી વસ્તુ સ્થિતી અને સ્વરૂપ સ્પષ્ટરૂપે સમજી લેવું ખૂબ જરૂરી છે.

**શ્રદ્ધા માટે પ્રબલ કાર્ય-કારણભાવ-**

કારણથી કાર્ય સિદ્ધ થાય છે. કાર્ય સિદ્ધ થયું છે માટે કારણ સાર્થક છે. સબળ છે. કાર્ય-કારણભાવની સાર્થકતા, કારણ છતે કાર્યની સિદ્ધિ થવાથી તે શ્રદ્ધાગમ્ય બને છે. તેથી દૃઢ વિશ્વાસ પ્રગટ થાય છે. ભક્ત એવા સાધકને કાર્યસિદ્ધિ માટે કારણોથી સાર્થકતા સમજાઈ જાય અને તેનાથી દૃઢ-વિશ્વાસ-શ્રદ્ધા નિર્માણ થઈ જાય તે જ પર્યાપ્ત છે. અનુમાન માટે ભૂયોદર્શન એજ વ્યાપ્તિજ્ઞાનનું પ્રબલ કારણ બને છે.વ્યાપ્તિજ્ઞાનવિના અનુમાન થઈ શકતુ નથી. અને વ્યાપ્તિજ્ઞાન ભૂયોદર્શનવિના સંભવ નથી. તે પ્રત્યક્ષ ઉપર છે. તેથી પ્રત્યક્ષજન્ય અનુમાન છે. એવી જ રીતે અહીયા પણ ભૂયોદર્શન પ્રત્યક્ષ સ્પષ્ટ છે.

અને તે કરનારા દેવતાઓ છે. અનેક દેવોએ પ્રભુના ચરણારવિંદમાં નમન-નમસ્કાર કરીને તેમના નખપંક્તિમાંથી નિકળતી રશ્મિઓવડે પોતાના પાપરૂપી તમ-અંધકારને દૂર કર્યો છે. તેની પરંપરા ચાલી છે. આ જ પ્રબલ ભૂયોદર્શન છે. એના જ આધારે ભાવિના બીજા ભક્તો પણ આ ભૂયોદર્શન જન્ય અનુમાન ના આધારે દૃઢ વિશ્વાસરૂપ શ્રદ્ધા જગાડીને પોતાના પાપતિમિરને દૂર કરી શકે છે. ભૂતકાળમાં અનેકોના થયા છે, માટે વર્તમાનમાં પણ અનેકોના થાય છે, અને ભવિષ્યકાળમાં પણ અને કોના થશે. એના આધારે એક શાશ્વત સિદ્ધાંતની નજરે સ્પષ્ટ થાય છે કે... સર્વ પાપરહિત એવા જિનેશ્વરના ચરણકમળની નખપંક્તિઓમાંથી નિકળતી ઉદ્યોતરશ્મિઓ વડે પાપરૂપી તિમિર નષ્ટ થાય છે. સર્વ સામાન્યરૂપે પણ બધા જાણેજ છે કે... પ્રકાશથી અંધકાર દૂર થાય છે. અંધકાર ને દૂર કરવા માટે, કાઢવા માટે ઝાડુ લઈને કાઢવા બેસવું નથી પડતું. બીજા હજાર ઉપાયો કે પ્રયત્નો પણ અંધારાને દૂર નથી કરી શકતા. જ્યારે એકમાત્ર પ્રકાશ-અજવાળુ આવતાની સાથેજ અંધાર ક્ષણમાત્રમાંજ ભાગી જાય છે. દૂર થાય છે. એમાં વિલંબ થતો નથી. અંધકાર અને પ્રકાશ બન્ને પૌદ્‌ગલિક છે. બન્ને જડ છે. બન્નેના પરમાણુઓ પર્યાય પરિવર્તનશીલ છે. સમસ્ત જગતમાં રાત્રીનું અંધકાર ગમે તેટલું હોય, અમાવસ્યાની રાત્રે પણ ગમે તેટલુ ગાઢ કાળુ અંધારૂ હોય પરંતુ તે ક્યાં સુધી? જેવો સૂર્યોદય થયો કે તરત અંધકાર અદૃશ્ય થઈ જાય છે. અને સૂર્યોદય તો શું....અરૂણોદય થવાથી પણ અંધકાર દૂર થઈ જાય છે. સર્વત્ર અજવાળું જ અંધારાને દૂર કરે છે. ભોંયરામાં પણ એક નાનકડો દીવડો અંધકારને દૂર કરે છે. માટે આ નિયમ ઉપર સર્વેને શ્રદ્ધા છે.

અહીંયા કંઈક જુદો જ અંધકાર છે, અને કંઈક જૂદા જ પ્રકારનું અજવાળુ છે. અને તે છે પાપરૂપી અંધારૂ અને નખપંક્તિમાંથી નિકળતી પ્રભા-રશ્મિઓ વડે પાપરૂપી અંધારૂ દૂર થાય છે. જે પ્રકારનું અંધારૂ છે, તેને દૂર કરવા માટે વિશિષ્ટ કક્ષાનું અજવાળું પણ છે. પાપરૂપી અંધકારને દૂર કરવા માટે સામાન્ય દીવડાનો પ્રકાશ કામે નથી આવતો. તે માત્ર બાહ્ય અંધકાર ને જ દૂર કરી શકે છે. પરંતુ આત્માની અંદર ના અંધકાર ને દૂર કરવા માટે તો પરમાત્માના ચરણની નખપંક્તિમાંથી નિકળતો પ્રકાશ જ સમર્થ-સક્ષમ છે.

હા...પાપ થી વધતુ અંધારૂ-

આત્મા અજર-અમર નિત્ય-શાશ્વત દ્રવ્ય છે. સંસારી અવસ્થામાં તે કર્મગ્રસ્ત છે. કર્મજન્ય રાગ-દ્વેષાદિ વિકારો જાગે છે. અને જીવ તેવી રાગ-દ્વેષની પ્રવૃત્તિઓ કરે છે. આવી રાગ-દ્વેષની કલેશ-કષાય-કલહાદિની પ્રવૃત્તિઓથી અનેક પ્રકારના પાપો થાય છે. પ્રકૃતિ કર્મ ની અને પ્રવૃત્તિ પાપની. જેટલી પ્રકૃતિ પ્રબલ તેટલી પાપની પ્રવૃત્તિ પણ પ્રબલ થાય છે. આ પાપની પ્રવૃત્તિની પાછળ કર્મની પ્રકૃતિ કારણભૂત છે. જેમ જેમ જીવો પાપની પ્રવૃત્તિઓ વધુ ને વધુ કરતા જશે તેમ તેમ કર્મની પ્રકૃતિ પણ ગાઢ બનતી જશે. અને તેના કારણે ફરી પાપની પ્રવૃત્તિઓ પ્રમાણમાં અનેકગણી વધતી જાય છે.

મૂળમાં જેમ સૂર્ય પ્રકાશમાન છે તેમ આત્મા જ્ઞાનમય છે. જ્ઞાનનું અજવાળું સૂર્યો કરતા પણ વધારે છે. અને તે પણ કેટલું? લોગસ્સસૂત્રમાં એના માટે સ્પષ્ટ કહે છે કે- "आइच्चेसु अहियं पयासयरा" - આદિત્યો કરતા પણ વધુ પ્રકાશ કરનારા છે. અહીંયા આદિત્ય શબ્દમાં એકવચન ન વાપરતા બહુવચન વાપર્યુ છે. તેથી અનેક આદિત્યો સૂચવ્યા છે. એક સૂર્ય નહીં અનેક સૂર્યો લેવાના છે. આકાશમાં એક સૂર્યનું તેજ કે પ્રકાશ એટલો વધારે હોય છે કે તેની સામે જોવું પણ મુશ્કેલ લાગે છે. ત્યારે જો આકાશમાં એકી સાથે અનેક સૂર્યો ભેગા ઉગે તો પ્રકાશનું પ્રમાણ કેટલુ વધારે થશે? આવી સ્થિતિમાં તો સામુ જોવું પણ સંભવ નથી. એટલો અત્યન્ત વધારે પ્રકાશ છે. એના કરતા પણ સર્વથા કર્મ રહિત આત્માના અનન્ત જ્ઞાનનો પ્રકાશ અનન્તગણો વધારે હોય છે. માટે જ્ઞાન પ્રકાશ જ સર્વોત્તમ કક્ષાનો હોય છે.

આટલા અનન્ત જ્ઞાનના પ્રકાશને આત્મા પોતે જ પાપ પ્રવૃત્તિ કરીને આવરી લે છે. ઢાંકી દે છે. પાપ પ્રવૃત્તિના કારણે કાર્મણ વર્ગણાના પરમાણુઓ ઢગલાબંધ આશ્રવિત થાય છે. આત્મ પ્રદેશોમાં અંદર આવે છે. અને તેના કારણે આત્માના જ્ઞાનાદિગુણો ઉપર આવરણરૂપે છવાઈ જાય છે. સૂર્ય ઉપર જેમ વાદળો છવાઈ જવાથી સૂર્ય પ્રકાશ આવરાઈ જાય છે. ઢંકાઈ જાય છે. તેમ કાર્મણ વર્ગણાના પરમાણુઓના આવરણરૂપ કર્મના વાદળોથી આત્માના જ્ઞાનાદિ ગુણો ઢંકાઈ જાય છે. આવરાઈ જાય છે. તેથી અંધારૂ છવાઈ જાય છે. જ્ઞાન-દર્શનાદિ

ગુણોં ઢંકાઈ જવાના કારણે આત્મા હવે પછી જ્ઞાન-દર્શનાદિની ક્રિયા-પ્રવૃત્તિ સારી રીતે કરી શકતો નથી. અંધારામાં ફાંફા મારવાની જેમ જીવ અટવાયા કરે છે. એવો જીવ જે જન્મમાં જાય જ્યાં ક્યાંય પણ જાય ત્યાં સર્વત્ર પોતાના પાપકર્મરૂપી અંધકારના કારણે અટવાયા કરે છે. ફરી પાછી વિપરીત પ્રવૃત્તિ કરે છે. એના કારણે તેની વૃત્તિ-પ્રવૃત્તિ બધી વિપરીત થાય છે. આત્મ ભાવથી વિમુખ હોવાના કારણે બધી જ વૃત્તિ-પ્રવૃત્તિ વિપરીત - વિકૃત થાય છે. અને આત્મભાવ સન્મુખ હોય તો એવા જીવની બધી વૃત્તિ-પ્રવૃત્તિ સુયોગ્ય-સમ્યગ્-સાચી થાય છે.

**પાપના ભારથી જીવ ભવસાગરમાં ડૂબે છે**

હળવું લાકડુ પાણી ઉપર તરે છે, પણ તેના ઉપર સિમેન્ટ આદિનું થર ચઢતા વજન-ભાર વધતા તે જ પાણીમાં ડૂબે છે. તેવી જ રીતે આત્મા પણ પાપની પ્રવૃત્તિથી લાગેલા કર્મના ભારથી ભવસાગરમાં ડૂબે છે. આ સંસાર એ કર્મ થી ડૂબેલા જીવોનો ભવસાગર છે. જે જીવો ધર્મ નથી પામતા, નથી કરતા તેઓ પાપમાં રચ્યા-પચ્યા રહે છે, માટે ભવસાગરમાં ડૂબે છે. શાન્તિ સૂરિ મહારાજ-જીવવિચાર પ્રકરણમાં કહે છે કે...

एवमणोरपारे संसारे, सायरंमि भीमंमि ।
पत्तो अणंतखुत्तो जीवेहिमपत्त धम्मेहिं ।।

જેનો દુઃખે કરીને પણ પાર પામવો અતિ મુશ્કેલ છે એવા મહાભયંકર સંસાર રૂપી સમુદ્રમાં ધર્મ ન પામનારા જીવો અનન્ત ગણા ઉંડા ખૂંચી જાય છે. પડે છે, અને ડૂબી જાય છે. જેમ-જેમ પાપ વધતા જાય, પાપની વૃત્તિ અને પ્રવૃત્તિ વધતી જાય તેમ તેમ કર્મોનો ભાર આત્મા ઉપર વધતો જ જાય છે. અને કર્મોના ભાર થી જીવો સંસારરૂપી સમુદ્ર ભવસાગરમાં ડૂબતા જ જાય છે.

માટે સંસાર નું કારણ કર્મ છે, અને કર્મનું કારણ પાપ છે. આ કાર્ય-કારણભાવ સંબંધ ના આધારે વિચાર કરતા **बीज नाशे वृक्ष नाशः**, તેવી જ રીતે **बीज पाप नाशे - (कर्म नाशे )संसार नाशः** સ્પષ્ટ જણાય છે. માટે પ્રથમ કારણનો નાશ થવો જ જોઈએ.

ભક્તામરના પ્રથમ શ્લોકમાં પહેલા બે ચરણ ના વિષયમાં પાપ નાશ, પાપ રૂપી તિમિરના નાશ ની વાત કરી છે. અને પછી બીજા બે ચરણમાં

ભવસાગર તરી જવાનું સ્વરૂપ જણાવ્યું છે. વાત પણ સાચી છે. જેના પાપ કર્મોનો નાશ થયો હોય તેવા જીવો જ ભવસંસાર તરી શકે છે.તરે છે. આ બન્નેમાં પણ કાર્ય-કારણભાવ સ્પષ્ટ કર્યો છે. પાપ કર્મનો નાશ થવાથી ભવસાગર તરવામાં આવે છે. માટે જે જે જીવોને ભવસાગર તરવો હોય તેમને પ્રથમ પાપનાશ કરવો જરૂરી છે. તો જ તરી શકાશે, અન્યથા નહીં. આ એક સત્ય સ્વીકારી લેવા જેવું છે. પાપ કર્મના ભાર થકી ભવસંસાર, અને પાપ કર્મના નાશ થી ભવસાગર તરવામાં આવે છે. આવો મહાભયંકર ઘોર સંસાર-ભવસાગર છે એના દુઃખો પણ ઘણાં ભયંકર છે. અને એમાંથી પણ જીવોને તરવાની ઈચ્છા ન જાગે તો સમજી લેવાનું કે..એ જીવોના પાપ કર્મનો ઉદય ઘણોં ભારે પ્રબળ છે. જૈન શાસનમાં સાધનાનું અંતિમલક્ષ્ય - "સવ્વ પાવપ્પણાસણો" છે.

આ વીતરાગી સર્વજ્ઞ ભગવન્તોનું શાસન છે. ત્યાગ અને તપની સંસ્કૃતિ પ્રધાન આ શાસન છે. એક માત્ર મોક્ષપ્રાપ્તિ ના ચરમ લક્ષ્યવાળો આ ધર્મ છે. જૈન ધર્મના અનાદિ-અનન્ત એવા શાશ્વત મહામંત્ર નવકારમાં પણ સાતમું પદ "सव्व पावप्पणासणो" નું એ લક્ષ્ય-સાધ્યપદ છે. સર્વ પાપ-કર્મોનો પ્રકૃષ્ટપણે નાશ થાય એજ સાધના કરનારા સાધકનું ચરમ લક્ષ્ય છે. અને સર્વથા સર્વ પાપ કર્મોનો નાશ થાય તો જ ભવ સંસારસાગર તરી શકાય, પાર ઉતરી શકાય અને મોક્ષ મેળવી શકાય. માટે પ્રભુચરણે-કે ગુરૂ ચરણે ઈહલૌકિક ભૌતિક સુખ-સામગ્રીની માંગણી-યાચના કરનારાઓએ ચેતવું જોઈએ. એ માંગીને કે મેળવીને નિરર્થક સંસાર વધારવો એના કરતા તો સર્વ પાપ કર્મોનો નાશ કરીને ભવસાગર પાર ઉતરવુ એ વધારે ટુંકો માર્ગ છે કલ્યાણનો. શું માંગવા માત્રથી મળી જવાનું છે? ના. માત્ર માંગવુ એ ભક્તના હાથમાં છે. પરંતુ આપવુ સામેવાળાના હાથમાં છે. ભગવાન તો મોક્ષે ગયા તે તો આપતા નથી. ગુરૂઓ સંસારના ત્યાગી-વિરક્ત છે. જે સંસારની અસારતા સુખ-સાધનોં આપે? ના. ન જ આપે. તો પછી કોણ આપે? હવે રહ્યા માત્ર દેવી-દેવતા. તેઓ પોતે પણ સંસારી છે. સંસારની ચાર ગતિમાંની એક દેવગતિમાં રહેનારા, ૮૪ લાખ જીવયોનિ પૈકીની ૪ લાખ યોનિમાં જન્મનારા મરનારા તેઓ દેવી-દેવતા છે. તેઓ કેટલુ આપવાનાં? શું ભક્ત માંગે એટલુ આપી જ દે ? શું ભક્ત ના પુણ્યાદિ કંઈ જોવાના કે નહીં?

હજારો પાપ કરીને થોડીક ભક્તિ કરીને ફટ દઈને માંગી લેનારા ભક્તને દેવતાઓ જોઈએ તેટલું આપી દે? ના. ન જ આપે. પુણ્યોદયે, પુણ્યના યોગે મળે છે કે પછી માંગવા માત્ર થી મળી જાય છે? કયો સિદ્ધાંત સાચો ? શેમાં શ્રદ્ધા છે? જો માંગવા માત્રથી અને માંગો તેટલુ મળી જ જતું હોય તો પછી પુણ્ય બાંધવુ, પુણ્ય સંચય કરવું એ વાતજ ના હોત? પછી કોણ પુણ્ય બાંધત? પુણ્ય બાંધવુ ઘણું અઘરૂ છે. માત્ર યાચના કરવી, માંગી લેવું ઘણું સહેલું છે. એમાં શું જાય છે? માત્ર શબ્દો જ વાપરવાના છે. પરંતુ આ સંસારમાં માંગનારા કેટલા? અને માંગનારાઓ પૈકી જેમને મળી ગયું છે તેવા કેટલા? ભૂતકાળથી યાચકોનો તોટો નથી. ચોર-ભીખારા પણ ઢગલા બંધ માંગતા હોય છે, પરંતુ પુણ્ય નો છાંટો ન હોય તો ક્યાંથી મળે? એમ કંઈ દેવી-દેવતાઓ આપી દેવા માટે નવરા નથી બેઠા. પુણ્યોદયથી મળે છે. માટે પુણ્ય બાંધો, અને જ્યારે ભેગુ થયેલુ સંચિત પુણ્ય ઉદયમાં આવશે ત્યારે વગર માંગ્યે ઢગલાબંધ મળી જશે. આ રાજ માર્ગ છે. શાલિભદ્રે કેટલુ માંગ્યુ હતું? ના. પૂર્વ જન્મના સંચિત પુણ્યના ઉદયે જ મળ્યું હતું. માંગી લેવા માત્રથી મળી જશે એવી વર્ષોથી ઘર કરી ગયેલી મિથ્યા શ્રદ્ધા ને હવે જિન શાસન પામ્યા પછી જડ મૂળમાંથી કાઢી નાંખવી જરૂરી છે. અને પુણ્યોદયથી મળે છે એ સાચી સમ્યગ્ શ્રદ્ધા કેળવી લેવામાં સાર છે. જેથી મિથ્યાત્વ ટળે, અને સમ્યક્ત્વ મળે. મિથ્યાત્વ મંગાવે છે. સમ્યક્ત્વ તો ઉપરથી સાચા માર્ગે વાળે છે.

હા....અનેક જન્મોંમાં માંગવાનો ધંધો કર્યો, હવે નથી કરવો. હવે એ ધંધો છોડી ને પાપ નાશ કરવાનો સાચો સમ્યગ્ માર્ગ અપનાવવો જોઈએ. જૈન શાસનનો ઉપાસક ધર્માત્મા-એક માત્ર સર્વ પાપ કર્મોને જડમૂળમાંથી ઉખાડીને નાશ કરવાના એક માત્ર લક્ષ્યવાળો હોય. આ સંસારના ભૌતિક-પૌત્રલિક સુખો-ભોગો-સાધનો-પદાર્થો અનન્તા ભવોમાં અનન્તીવાર મળ્યા છે. ચક્રવર્તીના સુખો-ભોગો પણ આપણો જીવ મેળવીને ભોગવીને આવ્યો છે. આ ભવમાં તો એની એંઠ પણ નથી મળી. માંગવુ એ તો માત્ર આપણી લોભદશા-મોહદશાને પ્રગટ કરવાની છે. જ્યારે લોભ-મોહ એ જ સર્વ પાપની જડ છે. એનો જ નાશ કરવાનો છે. જેની પાપનાશ કરવાની ભાવના હોય, એવી વૃત્તિ હોય એ જ ભક્તામરસ્તોત્રની આરાધના કરવાનો અધિકારી છે. માત્ર માંગનારાઓ ભક્તામરના અધિકારી નથી.માટે આ મહાસ્તોત્રની આરાધના-ઉપાસના કરતા

પહેલા પોતાની મનઃશુદ્ધિ કરી લેજો. પછી જ ભક્તામરમાં પ્રવેશ કરી શકશો. સંપૂર્ણ ભક્તામર સ્તોત્ર નો  સાર પહેલી ગાથામાં રજૂ કર્યો છે. આશય, અને ઉદ્દેશ્ય બન્ને આ પહેલી ગાથામાં સ્પષ્ટ કરી દીધા છે. પાપરૂપી તિમિરનો નાશ કરવાની વાત કરી છે. તે છતાં પણ આપણે પાપનાશ અને ભવસંસાર નાશ ની વૃત્તિ-આશય જો ન કેળવી શકીએ અને ભક્તામર નો રોજ પાઠ, જાપ આદિ કરે રાખીયે, અને પછી ફળની આકાંક્ષા રાખીએ. ક્યાંથી ફળે? કમસે કમ ભક્તામર સ્તોત્રની પ્રથમ ગાથાના અર્થને સમજીને તેવા સાચા આશય અને ઉદ્દેશ્યને બનાવીને આગળ વધીએ તો સિદ્ધિ મળવી શક્ય છે.

**પાપનાશ તુરંત અને પુણ્યે લાભ કાળાન્તરે....**

આજના ઇન્સ્ટંટ-ફાસ્ટ ફુડના જમાનામાં તુરંતજ લાભ પ્રાપ્તિની ઈચ્છાવાળા ભક્તોએ દૃષ્ટીએ પણ વિચાર કરતા સમજાય છે કે.....પરમાત્મ ભક્તિ-ઉપાસનાથી પાપ કર્મોનો નાશ તુરંત થાય છે. અધ્યવસાયોની વિશુદ્ધિ ચઢિયાતી હોય તો પાપનાશ ઝપાટાબંધ તરત થાય છે. જ્યારે પુણ્યનો બંધ થાય. તેમાં પણ સ્થિતિબંધ ભૌતિક-પૌદ્‌ગલિક સામગ્રીઓ ક્યારે મળે?  એમાં કેટલો કાળ જાય. જ્યારે પાપનાશ તો તરત થાય જ. જિન શાસનની અમૃત અનુષ્ઠાનની બધી સાધના નિર્જરા કારક છે. હમણાં જે ચઢિયાતા વિશુદ્ધ અધ્યવસાયોથી આરાધના-જાપાદિ  ઉપાસના, ધ્યાનાદિની સાધના કરી તે જ વખતે તેટલ પાપ કર્મ નાશ પામે છે. કર્મોની નિર્જરા થાય છે. આત્મ પ્રેદેશો પરથી કર્મના પરમાણુંઓ છૂટા પડે અને વિખરાઈ જાય બસ એ જ નિર્જરા કહેવાય છે. એ પ્રક્રિયાને જ કર્મક્ષય કહેવાય છે. અને જેમ કપડા પરનો ડાઘ ધોવાઈ જવાથી કપડુ ચોખ્ખું થાય છે. તેવી જ રીતે આત્મા ઉપરથી કર્મ નો ડાઘ ધોવાઈ જવાથી આત્મા ચોખ્ખો-વિશુદ્ધ થાય છે. આ એકદમ Short cut છે સાવ ટુંકો માર્ગ છે. અને પાપનાશનું ફળ મહાન છે. અને તેથી ભવસાગર નો અંત આવે છે. અને સરવાળે મોક્ષ મળે છે. તો પછી નિરર્થક માંગીને કાળ નિર્ગમન કરવાનો શો અર્થ? પ્રથમ આ આશય સ્પષ્ટ કરીને પછી દૃઢ સંકલ્પ કરીને ભક્તામરમાં અથવા નવકારમાં અથવા સામાયિક આદિ કોઈ પણ પ્રકારની આરાધનામાં પ્રવેશ કરવો હિતાવહ છે.

**ભવસંસાર અને સમુદ્રની સરખામણી...**

નાનો હોય તે સમુદ્ર અને વિશાળ હોય તે મહાસાગર કહેવાય છે. આ સંસારને ક્યાંક અટવીની ઉપમા આપવામાં આવી છે તો ક્યાંક સાગરની ઉપમા આપી ભવસાગર જેવા શબ્દો વાપર્યા છે. જેમ સમુદ્રમાં પાણી ક્યારેય સરોવરના પાણી ની જેમ શાંત તો થઈ જ ન શકે. સ્થિર થઈ જ ન શકે. સતત હિલોળા લેતું જ હોય છે. ખરેખર આ સંસારપણ તેવો જ છે. રાગ-દ્વેષના, સુખ-દુઃખની ભરતી-ઓટની વચ્ચે સતત હિલોળા લેતો આ સંસાર છે. એમાં ક્ષણ ભર પણ સુખ શાન્તિ ક્યાં છે? સાચી શાન્તિનો ક્ષણિક પણ અનુભવ ક્યાં છે? કોને થાય છે ? તાપ અને સંતાપમાંથી ઉપર ઉઠીને વાસ્તવિક શાન્તિ નો અનુભવજ કોણ કરે છે? ભરતી અને ઓટની સતત ચંચલતા અને ચપલતાની અસ્થિરતામાં ક્ષણભરમાટે પણ સ્થિરતા કોણ અનુભવે છે? આ જીવાત્મા અનાદિ-અનન્ત કાળથી સતત જન્મ-મરણ ધારણ કરતો એક ગતિમાંથી બીજી ગતિમાં, એક જન્મમાંથી બીજા જન્મમાં જતો આવતો સ્થિરતા ક્યારે અનુભવે છે? ભરતી અને ઓટ ના કારણે દરિયાનું પાણી સતત અને સદાકાળ અસ્થિર-અશાન્ત રહે છે તેવી જ રીતે આ ભવરૂપી સંસાર સાગરમાં પણ જન્મ-મરણ રૂપી ભરતી અને ઓટની વચ્ચે ક્ષણભર માટે પણ સ્થિરતા નથી. સાચો સંપૂર્ણ સ્થિર તો એક માત્ર સિદ્ધ પરમાત્માનો જીવ સિદ્ધાત્મા-મુક્તાત્મા જ કહેવાય. બાકી સંસારી જીવો તો સદા અસ્થિર-અશાન્ત હોય છે.

રાગ-દ્વેષરૂપી ભરતી અને ઓટના સતત હિલોળા વાળા આ ભવસાગરમાં જીવો એક ક્ષણ માટે પણ રાગ-દ્વેષ વગરની સાચી સ્થિરતા-કે શાન્તિ અનુભવી નથી શકતા. જેમ ભરતી-ઓટના કારણે દરિયાનું પાણી એક ક્ષણ માટે પણ શાન્ત નથી થઈ શકતુ તેવી જ રીતે સતત-પ્રતિ ક્ષણ રાગ-દ્વેષ-કલેશ-કલહરૂપી ભરતી-ઓટ એકધારી ચાલતી હોય એવા ભવસાગરમાં સુખ-શાન્તિ કે સ્થિરતા ક્યાંથી મળે? યાદ રાખજો, સ્થિરતામાં શાન્તિ છે. આ સ્થિરતામાં પૂરેપૂરી અશાન્તિ છે. આ સ્થિરતા-અશાન્તિ પાપ જન્ય છે. જ્યારે સ્થિરતા અને શાન્તિ પાપનાશ જન્ય છે. આટલો ફરક છે. જોજો.. આ સંસારમાં જે જીવો વધુ પાપ કરતા હશે તેમને વધારેમાં વધારે અશાન્તિ હશે. અને જે જીવો વધુમાં વધુ પાપ ન કરવાના વ્રત- કરીને બેઠા હોય છે તેમને વધુને વધુ શાન્તિ

હોય છે. પાપો મનને સાવ અસ્થિર-અશાન્ત કરી મૂકે છે. અને જાપ-ધ્યાન કરતી વખતે પણ કરેલા પાપો યાદ આવતા રહે છે, તેના માઠા ફળોનો ભય સતત સતાવતો હોય છે આવી સ્થિતિમાં શાન્તિ ક્યાંથી સંભવે? ના. શક્ય જ નથી. માટે જો મનને શાન્ત કરવું હોય, પચ્ચક્ખાણોં કરવા જોઈએ. એ જ સંવર છે. લક્ષ્મણ રેખા છે. અને એકવાર નવા પાપો થવા બંધ થઈ જાય પછી જૂના ભૂતકાળના પાપોને ખપાવવાનું જ (નિર્જરાનો) લક્ષ્ય રહેશે. પાપરૂપી તમ-તિમિર (અંધારૂ) જીવનમાં અસ્થિરતા-અશાન્તિ ઉભી કરે છે. જ્યારે પાપ ન કરવાની પ્રતિજ્ઞા વ્રતો-મહાવ્રતો શાન્તિ-સ્થિરતાની દિશામાં વાળે છે અને પાપનાશ ની પ્રક્રિયા શાન્તિ-સ્થિરતાના શિખરે આરૂઢ કરાવે છે. બસ આ જ વાત ભક્તામર સ્તોત્રની શરૂઆતમાં જ બીજી લીટીમાં આપી છે.પાપોના કારણે જીવમાં તમ-અંધારૂ છવાય છે. જ્યારે પરમેશ્વર-પરમાત્માની ઉપાસનાથી પાપરૂપી તમ અંધારૂ દૂર થાય છે. નષ્ટ થાય છે. ત્યારે જ જીવનમાં અનોખુ અજવાળું થાય છે. પ્રકાશ પથરાય છે. અને એનાથી સ્થિરતા-સુખ-શાન્તિ આવે છે. અને એનાથી ભવસાગર પણ તરી જવાય છે.

હકીકતમાં આવા ભવસાગરને તરવા માટે કોઈ પ્રબલ-સચોટ ઉપાય જોઈએ છે. જેથી જીવો સહેલાઈથી આ સંસારસાગર તરી શકે, પાર ઉતરી શકે...અને એ છે આ ભક્તામરસ્તોત્રની પહેલી ગાથામાં. ભવસાગરનું સ્વરૂપ પણ સૂચવ્યુ છે. જે પાપરૂપી અંધકારના કારણે છે. એ નિશ્ચિત છે કે જે જે જીવો પાપ કરી-કરીને જીવનમાં અંધારૂ (તમ) વધારતા જશે તેમનો ભવસાગર વધતો જ જશે. જેમ-જેમ પાપરૂપી તમ વધુ ગાઢ-નિબીડ થતું જશે તેમ-તેમ ભવસાગરમાં પરિભ્રમણ પણ વધતું જ જશે. અને એના કારણે ભવભ્રમણમાં દુઃખ-અશાન્તિ-અસ્થિરતા વધતા જ જશે. ઠીક એનાથી વિપરીત પાપરૂપી તમ-(અંધારૂ) દલિત-અર્થાત નાશ થશે તેમ તેમ જીવનમાં અજવાળુ-ઉદ્યોત વધતું જ જશે. અનોખો પ્રકાશ પથરાશે. તેનાથી ભવસાગર ઘટશે. ભવભ્રમણ-પરિભ્રમણ ઓછું થશે. અટકશે જીવનમાં સુખ-શાન્તિ-સ્થિરતા આવે છે. અને અન્તે ભવભ્રમણનો અંત આવતા એક દિવસ પરમધામ મુક્તિની પણ પ્રાપ્તિ થાય છે.

આટલી પ્રથમ ગાથાના રહસ્યાર્થ-ગૂઢાર્થની પીઠિકા-ભૂમિકા કરી છે. તે સારી રીતે વાંચીને સમજી લેવી ખૂબ જરૂરી છે. એનાથી આપણો આશય ઉદ્દેશ્ય

સ્પષ્ટ થશે. સંકલ્પ કરવામાં સારો સહયોગ મળશે. જાપ-સ્તોત્રપાઠ, ધ્યાન કરવામાં સરળતા રહેશે. આશયશુદ્ધિ વધશે. સાચો માર્ગ સાપડશે. આપણી ગતિ સાચી દિશામાં થશે. માટે ધ્યાનપૂર્વક વાંચીને સારી રીતે આ રહસ્યાર્થ સમજી લેવું જોઈએ. હવે મૂળ ગાથા અને તેનો શબ્દાર્થ પણ જોઈ લઈએ.

**ભક્તામર સ્તોત્રની મૂળ ગાથા-**

भक्तामर प्रणत - मौलि - मणि प्रभाणा -,
मुद्योतकं - दलित-पाप तमो-वितानं ।
सम्यग् प्रणम्य जिनपाद - युगं युगादा-;
वालम्बनं भवजले पततां जनानाम् ।। १ ।।

(भक्त अमर प्रणत - मौलि मणि - प्रभाणाम्-,
उद्योतकं दलित - पाप तमो वितानम् ।
सम्यग् प्रणम्य जिनपादयुगं युगादौ,
आलम्बनं भवजले पततां जनानाम् ।। १।।)

અન્વય - प्रणत-भक्त-अमर-युगादौ जिनपादयुगं सम्यग् प्रणम्य, पाप तमो दलित-मौलि मणि प्रभाणां उद्योतकं वितानं, भवजले पततां जनानां जिनपादयुगं आलम्बनम् ।

**શબ્દાર્થ**- નમેલા ભક્ત એવા દેવતાઓ યુગની આદિમાં થયેલા જિનેશ્વર ભગવાન શ્રી આદિનાથ પ્રભુના ચરણ કમળમાં સારી રીતે પ્રણામ કરતા મુકુટમાં જડેલી મણિઓમાંથી નિકળતી પ્રભાના કિરણોથી પાપરૂપી અંધકાર જેમનું દલીત-અદૃશ્ય થઈ ગયું છે. એવા યુગની આદિમાં (શરૂઆતમાં) થયેલા શ્રી આદિનાથ પ્રભુના ચરણ કમળ એ ભવસમુદ્રમાં ડૂબતા જીવો માટે આલંબન છે.

**ભાવાર્થ** - દેવતાઓ જે પરમાત્માના પરમ ભક્ત છે, તેઓ જ્યારે યુગની આદિમાં-પ્રારમ્ભકાળમાં થયેલા ભગવાન આદિનાથ પ્રભુના ચરણ કમળમાં સારી રીતે (સાચી રીતે) સાચા શુદ્ધ ભાવપૂર્વક પ્રણામ કરીને નમેલા રહે છે ત્યારે તે દેવતાઓના મુકુટમાં જડેલી મણિઓમાંથી નિકળતી પ્રભાની કિરણો પ્રભુના ચરણની નખપંક્તિ ઉપર પડે છે. અને તેમાંથી પરાવર્તિત થઈને ફરી પોતા તરફજ આવે છે ત્યારે અમારૂં પાપરૂપી અંધારૂ અદૃશ્ય થઈ ગયુ, દલાઈ ગયુ, દૂર થયુ. અને ચારેય બાજુ ઉદ્યોત પ્રકાશ પથરાઈ ગયો છે. એવા યુગની આદિમાં

થયેલા ભગવાન આદિનાથ ના ચરણ કમળ એ ખરેખર ભવસાગરરૂપ આ સંસારમાં ડૂબતા જીવો માટે એક સર્વોત્તમ આલંબન-આધારરૂપ છે. જેનાથી તરી શકાય છે. જેમ સમુદ્રમાં તરવા માટે પણ કોઈ ન કોઈ આધારરૂપ આલંબન તો જોઈએ જ, અનિવાર્ય છે. તે વિના સમુદ્ર તરવો સંભવ નથી. જેમ શ્રીપાલ ને એક લાકડાનું પાટીયુ હાથમાં આવ્યુ અને તેના આધારે સમુદ્ર તરીને પાર ઉતરી શક્યો. તો આ તો સંસારરૂપી સમુદ્ર ભવસાગર છે. જે સમુદ્ર કરતા પણ પાર ઉતરવો હજારગણો અઘરો છે. એવા ભવસાગર ને તરવા, પાર ઉતરવા માટે જિનેશ્વર પરમાત્માના ચરણ કમળ, એજ એક માત્ર આધારરૂપ આલંબન છે. બસ...બીજુ કંઈજ કરવાનું નથી. પ્રભુના ચરણ કમળમાં સમ્યગ્-સારી ને સાચી રીતે પ્રણામ-નમસ્કાર જ કરવાના છે. તેનાથી પાપો ધોવાઈ જશે અને જીવનમાં ઉત્તમ અજવાળું-પ્રકાશ પથરાઈ જશે. બસ...કલ્યાણ.

**એક અદ્‌ભૂત દૃશ્ય-**

સાધકે એક અદ્‌ભૂત દૃશ્ય પોતાના મનમાં ધારી રાખવાનું છે. જે ધ્યાનમાં વિશેષરીતે ઉપયોગી પડવાનું છે. અને એ દૃશ્ય આ પહેલી ગાથાનું અર્થાનુસારી દૃશ્ય છે. દરેક ગાથાઓનું અર્થાનુસારી દૃશ્ય છે. એવી જ રીતે ભક્તામરની આ પહેલી ગાથાને જો ચિત્રમાં રજુ કરીએ તો.. તે ચિત્ર અને તેનું દૃશ્ય આ રીતે રજુ થાય છે...

પરમાત્મા શ્રી આદિનાથ પ્રભુ કાયોત્સર્ગ મુદ્રામાં ઉભા છે. મુકુટ પહેરેલા ઈન્દ્રાદિ દેવતાઓ પ્રભુને વંદન-નમન કરવા આવ્યા છે. વૈમાનિક દેવગતિના ઋદ્ધિ-સિદ્ધિ અને વૈભવવાળા ઈન્દ્રાદિ દેવતાઓના મુકુટોમાં રત્નો-મણિઓ જડેલા છે. એવા મણિ-રત્નો જડેલા મુકુટધારી ઈન્દ્રાદિ જિનભક્ત દેવતાઓ ભક્તિભાવપૂર્વક પ્રભુના ચરણ કમળમાં નતમસ્તક થઈને પ્રણામ-નમસ્કાર કરી રહ્યા છે. સાચી શ્રદ્ધાના ભાવે આ દેવતાઓ સ્પષ્ટપણે સમજી રહ્યા છે કે..પરમાત્માના ચરણ કમળજ આ ભવસંસાર સમુદ્રમાં ડૂબતા જીવો ને તરવા માટે એક માત્ર સર્વોત્તમ આલંબન-આધારરૂપ છે. આવી દૃઢશ્રદ્ધાના બળે જ દેવતાઓ પ્રભુના પરમ ભક્ત બન્યા છે. અને એના ઉત્તમ ભક્તિભાવના આધારે ઉત્કૃષ્ટ કક્ષાના નમસ્કાર તેઓ કરી શકે છે. કેવા દેવતાઓ? ભક્ત એવા દેવતાઓ અમર શબ્દ દેવતાવાચી છે. અને ભક્ત તેનું વિશેષણ છે. વિશેષણ-

વિશેષ્યભાવસંબંધી વાચ્ય એવા અમરો-દેવતાઓ જિન ચરણોની ઉપાસના કરતા પરમ ભક્ત છે. ભયંકર ભવસમુદ્રમાં જિન ચરણ જ એક માત્ર આલંબનરૂપ છે ઉછળતા મોજાવાળા ભરતી અને ઓટવાળા આ સમુદ્રની સપાટી પર તરતા ચરણ યુગલ ને પામવા ભક્તો પડાપડી કરી રહ્યા છે. એવા ચરણયુગલમાં વિનમ્ર ભાવે નતમસ્તક બનેલા ભક્ત એવા દેવતાઓ જ્યારે નમસ્કાર કરી રહ્યા છે ત્યારે તેમના મુકુટમાં જડેલા મણિરત્નોમાંથી નિકળતી કિરણો-પ્રભા યુગાદિદેવ આદીશ્વર દાદાના ચરણ કમળની નખપંક્તિઓ ઉપર પડે છે. અને તેમાંથી ફરી પરાવર્તિત થતી એ પ્રકાશ રશ્મિઓ પાછી દેવતાઓ ઉપર જ આવે છે. તે સમયે દેવતાઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા છે..કે..અરે? અમારા મુકુટમાં જડેલા મણિ-રત્નો વધુ તેજસ્વી-પ્રકાશ પાથરનાર છે કે પછી પ્રભુના ચરણ યુગલની નખપંક્તિઓ વધારે તેજસ્વી છે? જાણે એમ લાગે છે કે.. પ્રભુના ચરણ યુગલની નખપંક્તિઓ સામે અમારા મુકુટની મણિ-રત્નો વધુ ઝાંખા લાગે છે. અને નિરર્થક લાગે છે. અમારા મુકુટની મણિઓ-રત્નોનો માત્ર પ્રકાશ-ઉદ્યોત પ્રસરે છે. તેનાથી બીજુ કંઈ થતુ નથી. જ્યારે જિન ચરણ-યુગલની નખપંક્તિઓમાંથી નિકળતી પ્રકાશ રશ્મિઓ વડે તો અમારા પાપરૂપી તમ-અંધારૂ દૂર થઈ જાય છે. તેથી વધુ ઉપયોગી અને ઉપકારી મણિઓ કે રત્નો નથી પરંતુ યુગાદિદેવ આદિનાથ પ્રભુના ચરણ યુગલમાંથી નિકળતી પ્રકાશ રશ્મિઓ છે. આ જગતમાં પાપ ફેડાઈ જવું, પાપરૂપી તમ-અંધકાર નષ્ટ થઈ જવુ એ જ પરમાત્મ ભક્તિનું સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ અંતિમ કક્ષાનું ફળ છે. બસ એનાથી વધારે આગળ ની કક્ષાનું કોઈ ફળ જ નથી. પાપ રૂપી તમ-અંધકાર નષ્ટ થઈ જાય પછી શું જોઈએ? પછી તો ભવસંસાર એની મેળે નષ્ટ થશે. અને મોક્ષ પણ એની મેળે સામેથી મળશે. આ બધાનો એક માત્ર આધાર છે. જિન ચરણ યુગલમાં સમ્યગ્ સારા માં સારી રીતે પ્રણામ કરવામાં છે. બસ એમાંજ કલ્યાણ છે. બસ આ દૃશ્યને મનમાં ચિત્રીત કરી રાખો. આ ચિત્ર મનમાં ઉપસાવો. પહેલી ગાથાનું આ ચિત્રણ છે.

**બલવત્તરતા** - ભક્તામર મહાસ્તોત્રની આ પહેલી ગાથામાં તુલાનાત્મક દૃષ્ટીએ કોણ ચઢીયાતુ એ વિષયમાં બે પ્રકારની બલવત્તરતા જોઈએ-

૧) પાપનું તમ-એટલે અંધકાર ? કે પછી નમસ્કારજન્ય ઉદ્યોત-પ્રકાશ રશ્મિઓ?

૨) ભવજલ- સંસાર સમુદ્ર? કે પછી યુગાદિ જિનના ચરણ યુગલનું આલંબન?

આ બન્ને પ્રતિસ્પર્ધી-પરસ્પર વિરોધિ તત્ત્વો ની વાત ભક્તામર ની આ પહેલીગાથામાં આપવામાં આવેલ છે. એક વાત ચોક્કસ છે કે.. બન્ને સાથે રહી શકતા નથી. એકના અભાવમાં બીજો રહે છે. માટે તેની બલવત્તરતા સ્વતંત્રપણે વધારે લાગે તે સ્વાભાવિક છે. દા.ત. પાપરૂપી તમ-અંધકાર ત્યાં સુધી જ પોતાની બલવત્તરતા દાખવી શકે છે.. જ્યાં સુધી નમસ્કારજન્ય ઉદ્યોત-પ્રકાશ રશ્મિઓ પ્રગટ નથી થઈ. બસ, પરંતુ એક અત્યન્ત મહત્ત્વની વાત ધ્યાનમાં લેવા જેવી એ છે કે.. પ્રકાશ રશ્મિઓ ક્યાંથી આવી? ક્યારે આવી? દેવતાઓ નમ્યા ત્યારે ને? વૈમાનિક દેવલોકમાં દેવતાઓની વૈભવી ઋદ્ધિ-સિદ્ધિ તો ઘણી છે. ઘણાં કાળ સુધી રહે છે. અરે! એમની મોજડીમાં પણ એવા રત્નોં જડેલા હોય છે કે તેમાંના ૧ રત્ન ની તોલે પણ આપણી પૃથ્વીના સર્વ રત્નોં ભેગા કરીએ તો પણ ન આવે, તો પછી મુકુટમાં જડેલી મણિઓ કે રત્નોંની તો વાતજ શું કરવી? અને તેમાં પણ કિલ્બીસીક જાતિના જે દેવો ઈન્દ્રના નોકરની કક્ષાના ગણાય છે તેમના પણ મુકુટમાં કદાચ ભારે રત્નોં હોઈ શકે તો વિચાર કરો કે..સમસ્ત દેવોનાં અધિપતિ ઇન્દ્રના મુકુટમાં મણિઓ-રત્નો તો કેટલી ઉંચી કક્ષાના હશે? કેટલા પ્રકાશમાન હશે? શુદ્ધ સમ્યગ્ દૃષ્ટી માત્ર ઈન્દ્ર હોય છે. બીજા બધા દેવી-દેવતાઓ સમ્યક્ત્વી હોય જ એવો કોઈ નિયમ નથી. મિથ્યાત્વીની ટકાવારી પણ દેવતાઓમાં ઘણી મોટી હોય છે. માટે પ્રભુના ચરણારવિંદમાં નમન પ્રણામ કરનારા ઈન્દ્રો જ્યારે ભક્તિભાવ પૂર્વક નમતા હોય છે ત્યારે જ ચરણયુગલની નખપંક્તિમાંથી પ્રકાશ રશ્મિ નિકળે છે. જે પાપના તમ ને દૂર કરે છે.

આમે પણ મણિઓ કે રત્નોની પ્રભા તો સતત-નિરંતર નિકળ્યા જ કરતી હોય છે, તેથી કંઈ પાપરૂપી તમ દૂર નથી થતુ. દેવતાઓ-ઈન્દ્રોએ મુકુટ તો ધારણ કરેલા જ હોય છે. અને તેમાં જડેલા રત્નોની પ્રભા તો સતત નિકળ્યાજ કરતી હોય છે. એ પ્રભાથી કંઈ પાપરૂપી તમ દૂર થયાની પ્રતીતિ નથી થતી. પરંતુ જ્યારે આ મુકુટધારી ભક્ત એવા ઈન્દ્રાદિ દેવો પ્રભુના ચરણમાં ભક્તિભાવપૂર્વક નમે છે, ત્યારે નમતી વખતે મુકુટમાં જડેલી મણિઓ-રત્નો માંથી નિકળતી પ્રભા...તેની કિરણો યુગાદિદેવ આદિનાથ પ્રભુના ચરણયુગલની નખપંક્તિ ઉપર પડે છે. તે વખતે નખપંક્તિ સુંદર રીતે પ્રકાશમાન થાય છે.

ચળકાટ થી ઝળહળી ઉઠે છે. દેવતાઓ નખપંક્તિ જોઈને વિમાસણમાં પડી જાય છે. પોતાને પોતાની મણિઓ અને રત્નો પ્રભુના ચરણની નખપંક્તિની સરખામણીમાં સાવ ઝાંખા લાગે છે. અને પ્રભુના ચરણની નખપંક્તિ મણિઓ અને રત્નો કરતા પણ વધુ તેજસ્વી લાગે છે. વધુ દેદિપ્યમાન લાગે છે. અને એટલું જ નથી એક પ્રકારના વિશિષ્ટ પ્રકાશવાળી છે. મણિઓ અને રત્નોનો સામાન્ય પ્રકાશ તો અંધકાર નિવારક હોય છે. જ્યારે પ્રભુના ચરણ યુગલ ની નખપંક્તિથી નિકળતી પ્રકાશ રશ્મિવડે પાપરૂપી તમ-અંધકાર દૂર થાય છે. આ છે સામાન્ય અને વિશેષ પ્રકાશનો તફાવત આ વિશેષતા ઈન્દ્રાદિ દેવતાઓ અનુભવી રહ્યા છે.

હકીકતમાં તારક એવા જિનેશ્વર પરમાત્માના ચરણારવિન્દમાં કરવામાં આવતો નમસ્કાર જ એટલો સમ્યગ્ કક્ષાનો છે કે તેના વડે પાપરૂપી અંધકાર દૂર થાય છે. માટે પ્રણમ્ય-શબ્દ જે પ્રણામવાચી છે તેની આગળ સમ્યગ્ વિશેષણ જે વાપરવામાં આવ્યુ છે તે ભાવની વિશુદ્ધિનું વાચક છે. જે ખાસ સૂચવે છે કે સમ્યક્ત્વ પામ્યા પછીનો નમસ્કાર જ સમ્યગ્ સાચો હોય છે.'સમ્યગ્ પ્રણમ્ય' થી બે પ્રકારના નમસ્કાર સમજવાના છે. ૧) એક તો સમ્યક્ત્વ પામેલો ચોથા ગુણસ્થાન વર્તી સમ્યક્ત્વી જીવ વડે પરમાત્માના ચરણારવિન્દમાં કરવામાં આવતો નમસ્કાર અને બીજો તેથી સર્વથા વિપરીત ૨) જે સમ્યક્ત્વ પામ્યો જ નથી, અર્થાત્ ચોથા અવિરત સમ્યક્ત્વ નામના ચોથા ગુણસ્થાને રહેલા મિથ્યાત્વી જીવ વડે કરવામાં આવતો નમસ્કાર તે સર્વ સામાન્ય કક્ષાનો નમસ્કાર છે. માટે તેવા નમસ્કારને વિશિષ્ટ કક્ષાના સમ્યક્ પ્રણામ ન કહેવાય. યાદ રાખો...પરમાત્મા તેના તે જ છે. નમસ્કરણીય ચરણારવિન્દ-ચરણ યુગલની નખપંક્તિઓ તે જ છે. જ્યારે તેમાં નમસ્કાર કરનારા અધિકારી બદલાયા કરે છે. જુદા-જુદા હોય છે. ક્યારેક મિથ્યાત્વીઓ નમસ્કાર કરતા હોય છે. અને ક્યારેક સમ્યક્ત્વીઓ નમસ્કાર કરે છે.

મિથ્યાત્વી જીવો જેઓ મિથ્યાત્વના ઘોર અંધકારથી વ્યાપ્ત છે, ભરેલા છે. માટે તેમના પાપરૂપી તમ-અંધકારના નાશના અધ્યવસાય નથી હોતા, ભવસાગર તરવાના પરિણામોં નથી હોતા. ભવસાગર તરવા માટે પ્રભુના ચરણ

યુગલો એ જ એક માત્ર પરમ આલંબન આધારભૂત છે, એવી તેમની માન્યતા કે ધારણા નથી હોતી, મિથ્યાત્વી જીવો ના લક્ષ્ય ઈહલૌકિક, ભૌતિક સુખ-પ્રાપ્તિ, દુઃખ નિવૃત્તિ, વિઘ્નનાશ, સુખ-શાન્તિ પ્રાપ્તિ પૂરતી જ હોય છે. માટે તેમની માન્યતા તેવીજ અને તેટલીજ હોય છે. એના થી ઉપર તેઓ ઉઠી શકતા જ નથી. સાથે-સાથે પાપ નાશની વૃત્તિ તેમની નથી હોતી. માત્ર દુઃખ નાશની વૃત્તિ પ્રધાનરૂપે હોય છે. આ મૂળ તફાવત છે. ઝીણવટ ભરી વાત છે. માટે દુઃખ નાશ, અને પાપનાશની વચ્ચેનો તફાવત પૂરેપૂરો સમજી લેવો જોઈએ. યાદ રાખો! દુઃખને તત્ત્વ નથી કહ્યું. જ્યારે નવ તત્ત્વોમાં પાપને તત્ત્વ કહ્યું છે. મિથ્યાત્વી દુઃખ ને માનવા તૈયાર છે. જ્યારે પાપને માનવાની તેની તૈયારી એટલી જલ્દી નથી હોતી. માટે પ્રભુના ચરણારવિન્દમાં કરાતા નમસ્કાર વડે પાપનાશ થાય તેવી વાત ને મિથ્યાત્વી માનવા જ તૈયાર નથી હોતો, હા, દુઃખનાશ થાય ની વાત ને તે માનવા તૈયાર થઈ જાય છે. મિથ્યાત્વી મોટા ભાગે દીર્ઘદર્શી નથી હોતો. ટૂંકી દૃષ્ટીવાળો હોય છે. પાપ માને તો પાપ નાશની વાત ને સ્વીકારે, અને તેમાં પણ પાપનાશ પ્રભુના ચરણોમાં નમસ્કાર કરવાથી થાય છે ની વાત માનવી એટલે મિથ્યાત્વીના માટે તો ધોળા દાડે તારા જોવાની વાત બરાબર છે. એ વાત તેના ગળે જ નથી ઉતરતી. માટે પ્રભુના ચરણોમાં નમસ્કાર કરીને પાપરૂપી તમનો નાશ કરવાનો લાભ કે ફળ માત્ર સમ્યકત્વીને જ હોય છે. માટે સમ્યક્ત્વી જીવ જ આવો સમ્યગ્ કક્ષાનો નમસ્કાર કરી શકે છે. બીજાનું ગજુ નથી.

માટે યાદ રાખો ! ભક્તામરસ્તોત્ર સમ્યક્ત્વી માટે છે. સમ્યક્ત્વી જીવો માટે જ કામનું છે. મિથ્યાત્વીના હાથમાં જવાથી તે આવા મહાસ્તોત્રમાંથી પણ માત્ર દુઃખ નિવારક, સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કારક ઉપાય સ્વરૂપે પરિણમાવી લેશે. જે તેને પાપરૂપી તમ નિવારક કે ભવસાગર તારકરૂપે આલંબનરૂપે નહી નિવડે. માત્ર ભવ સંસારના સુખ-ભોગો-સાધનોં-પદાર્થોની પ્રાપ્તિ ના લક્ષ્યવાળા જ હોય છે. તેવી જ તેની વૃત્તિ-પરિણમી હોવાથી તેવું જ લક્ષ્ય પણ હોય છે. અને તેની સિદ્ધિ માટેનું જ સાધ્ય હોવાથી તે અર્થે જ તે આવા ભક્તામર જેવા મહાસ્તોત્રને પણ આવા લક્ષ્યની સિદ્ધિ અર્થે મિથ્યાત્વી આરાધે છે. બસ એથી વધારે આગળ વધી શકે તેમ જ નથી .

યાદ રાખો ! જૈન શાસનની સંપૂર્ણ સાધના-ઉપાસના માત્ર દુઃખનાશ લક્ષી

નથી. તેથી આગળ વધીને તે પાપ નાશલક્ષી છે. તેથી પ્રથમ પાપનાશનું લક્ષ્ય બનાવીને ઉપાસના-આરાધના કરવી, કારણ દુ:ખનું પણ મૂળ પાપ કર્મ છે. જડ મૂળમાંથી પાપ-કર્મ જ નષ્ટ થઈ જશે તો પછી દુ:ખનું નામ નિશાન નહીં રહે. પણ માત્ર દુ:ખ નાશનો લક્ષ બનાવી તે જ સાધના-ઉપાસના કે આરાધના કરશો, તો સત્તામાં પાપ કર્મ પડ્યા હોવાથી દુ:ખનો પણ નાશ કેવી રીતે થશે? આગ લાગી હોય ત્યારે ધૂમાડાના ગોટે ગોટા જે આકાશમાં ઉડે છે તેના ઉપર પાણી છાંટવામાં નથી આવતુ. અને કોઈ છાંટે તો તેને સમજુ ડાહ્યો સજ્જન નથી કહેતા. જ્યારે ધૂમાડાનું ઉદ્દગમસ્થાન જે આગ છે તેના ઉપર પાણી નાંખવાથી આગ ઓલવાઈ જાય છે. માટે આગ ઉપર પાણી નાંખવુ ડહાપણ ભર્યુ છે. યોગ્ય છે.

એવી જ રીતે અહીં પણ વિચાર કરો..પાપકર્મ એ આગની જગ્યાએ છે, અને તેમાંથી નિકળતા ધૂમાડાની જગ્યાએ દુ:ખ છે. હવે વિચાર કરો બોલો શું કરવું? આગ ઉપર પાણી નાંખવું? કે ધૂમાડા ઉપર? દુ:ખનાશ માટે ધર્મ કરવો કે પાપનાશ માટે? હા, અનન્તા ભવોમાં દુ:ખનાશ માટે અનન્તીવાર ધર્મ કર્યો, ખૂબ ધર્મ કર્યો. ધર્મના બધા પ્રકારો અજમાવી જોયા. પરંતુ કારગર ન નિવડ્યા. પરંતુ શું થાય? આ બધું મિથ્યાત્વ ના કારણે થયું. અને મિથ્યાત્વના કાળમાં ગયું . હવે ક્યાંક ફરીથી એ જ ચક્ર ન ચાલ્યા કરે તેની સાવચેતી પૂરેપુરી રાખવાની છે. સર્વોત્તમ કક્ષાનો ધર્મ મળ્યો છે, સર્વશ્રેષ્ઠ કક્ષાના વીતરાગી પરમાત્મા મળ્યા છે. ભવસાગરમાં ડૂબતા જીવોને તરવા માટે એક માત્ર આલંબનરૂપ યુગાદિદેવ આદીશ્વર દાદાના ચરણ યુગલ મળ્યા છે. તો જેના માટે મળ્યા છે તેનું જ લક્ષ્ય ચૂકીને સામાન્ય ક્ષણિક દુ:ખોના નાશ ની વાત સાધવી શું મૂર્ખતા નથી? દશ કરોડનો કોહીનૂર હીરો મેળવવા નિકળ્યા અને માત્ર દસ રૂપીયાનો નકલી કાચનો ટૂકડો ખરીદીને તેને જ કોહીનૂર માનીને જીવન વીતાવી દીધુ. કોનું નુકશાન થયું? કેટલું નુકશાન થયું? શું આ મોટી ભૂલ નથી? અરે! ભૂલ તો શું? મોટી મૂર્ખામી છે. તો શું એ જ વાત અહીંયા પણ કરવી છે? ના...ના...

નવકાર જેવા મહામંત્ર માં પણ.... "सव्व पावप्पणासणो" ની વાત કરી છે. એક જ લક્ષ્ય-બસ-બધા જ પાપકર્મોનો નાશ થાઓ. ની છેલ્લી કક્ષાની વાત કરી

છે. પણ..એની જગ્યાએ— "सव्व दुःखापणासणो" ના શબ્દો નવકારમાં નથી વાપર્યા. કે આવી વાત પણ નથી કરી. શા માટે નથી કરી, હવે સમજ્યા? આ રહસ્ય સમજાય છે. આ છે જૈન શાસનની સાધના-ઉપાસનાનું હાર્દ. માટે મિથ્યા શાસન, અને સમ્યગ્ શાસનની વચ્ચેનું રહસ્ય સમજી લો, બરોબર પાકે પાયે સમજી લો, અને સમ્યગ્ લક્ષ્ય બનાવો અને પછી સમ્યગ્ સાધના કરો. પરંતુ પોતાની મિથ્યાવૃત્તિના કારણે સર્વોત્તમ કક્ષાની સમ્યગ્ સાધના ને હલ્કી બનાવવાની વાત ન કરતા. દસ કરોડનો કોહીનૂર રત્ન પણ મોટા ઝવેરી ના હાથમાં જ શોભે પરંતુ સામાન્ય ગાંડા મૂરખના હાથમાં દસ કરોડનો હીરો શોભે. કદાચ સંયોગવશાત આવી પણ ગયો હોય તો પણ તે ન જ શોભે. નિરર્થક જાય. તેવી જ રીતે સમ્યગ્ કક્ષાનો જૈન શાસન સમ્યક્ત્વીના હાથમાં જ શોભે. સમ્યક્ત્વીની જ આરાધનામાં તેની કીંમત અને કદર થાય છે. મિથ્યાત્વીના હાથમાં જૈન શાસન, કે જૈન શાસન ની સર્વોત્તમ સાધના પણ નિષ્ફળ-નિરર્થક જાય છે. સાધ્ય સિદ્ધિ પણ નથી થતી. એવી જ રીતે ભક્તામર જેવા મહાસ્તોત્રવિષે પણ સમજી લેવું.

**ભક્તામર મહાસ્તોત્રનું સાધ્ય-**

પહેલી ગાથામાં જ સ્તોત્ર કર્તા માનતુંગસૂરિ મહારાજ ઉદ્દેશ્યરૂપે સાધ્યને સ્પષ્ટ જણાવતા લખે છે કે...૧) પાપરૂપી તમ નો નાશ, અને ૨) ભવસાગર પાર ઉતરવું. આ બે વાતો પહેલી ગાથાની બીજી અને ચોથી લીટી માં સ્પષ્ટ કરી છે. જે સાધકનો ઉદ્દેશ્ય કે સાધ્ય આ બન્ને હોય તે જ સાચો સાધક આ સાચી સમ્યક સાધના કરવાને યોગ્ય પાત્ર છે. (જરા પોતાની જાતને તપાસી જોજો કે હું તેવો યોગ્ય પાત્ર છું કે નહીં ?) અને ન હો તો બનવાની કોશીષ કરો. હજી આ તો પહેલી ગાથાની વાત છે. એવી તો આગળ ૪૪ ગાથાઓ છે. પહેલીગાથા તો પ્રવેશની ગાથા છે. પ્રવેશ પાસ મેળવ્યા પછી જ પ્રવેશ કરી શકાય છે. નાના બાળક ને M.A. ની પરીક્ષામાં પ્રવેશ કેવી રીતે આપાય? શું શક્ય છે? અને કદાચ આપી પણ દઈએ તો શું તે સાર્થક નિવડે ખરૂ? ના.. એવી જ રીતે ભક્તામર મહાસ્તોત્રમાં પ્રવેશ કરનારાની યોગ્યતા-પાત્રતા માત્ર તેના નિર્ણીત કરેલા સાધ્યના આધારે છે. જેના સાધ્યમાં ૧) પાપરૂપી તમ-અંધકારને દૂર કરવાનું

અને ૨) ભવસાગર તરવાની વૃત્તિ. બસ આ બે ઉદ્દેશ્યો જેમના હોય, જેમને આવો લક્ષ્ય કે સાધ્ય નક્કી કર્યો હોય...તેઓ જ ભક્તામર મહાસ્તોત્રમાં પ્રવેશ કરવાને યોગ્ય પાત્ર છે. એમનોજ પ્રવેશ યોગ્ય ગણાશે. એના ઉપરથી સમજી લેવાનું કે...આ લક્ષ્ય ન હોય અને એનાથી સાવ વિપરીત માત્ર દુઃખનાશ અને ઈહલૌકિક-ભૌતિક-પરલૌકિક સુખ સમૃદ્ધિની પ્રાપ્તિનો લક્ષ, કે પછી દુઃખ નિવૃત્તિનો જ લક્ષ્ય હશે તો તે સામાન્ય કક્ષામાં જશે. પાત્રતા યોગ્યતા નહીં કેળવી શકે. જે અભિપ્રેત ફળ પાપનાશ અને ભવસાગર તરવાનો છે તે નહી મેળવી શકે. તેનાથી વંચિત રહેશે. અને પાછો

સમ્યક્ કક્ષાનો કેવી રીતે ગણાશે?

આ બન્ને સાધ્યોની સાથે-સાથે પ્રબલ સમ્યક્ત્વ જન્ય શ્રદ્ધાના ભાવો પણ એવા હોવા જોઈએ કે - ૧) જિન ચરણ યુગલમાં સમ્યગ્ રીતે પ્રણામ કરવાથી જ પાપરૂપી તમ-અંધકાર નષ્ટ થશે. અને ૨) એવા જિન ચરણ યુગલજ આ ભવસાગર તરવા માટે સર્વોત્તમ આલંબન-આધારભૂત છે, એ વિના તરવુ સંભવ નથી સાધ્યની સાથે ઉપાય પણ સૂચવ્યા છે. અને એ ઉપાયો જ એ સાધ્યને સાધવા માટે કારગર છે, સક્ષમ છે. એ વિના નહીં. અને સમ્યક્ત્વની દૃઢ શ્રદ્ધામાં દૃઢ ધારણા પણ એવી જ હોવી જોઈએ કે..., પાપરૂપી તમ-અંધકારનો નાશ તો જિન ચરણ યુગલ માં નમસ્કારથી જ થશે. અને ભવસાગર પણ જિન ચરણ યુગલના આલંબનથી જ તરી શકાશે. તે વિના સંભવ નથી.

સંસારમાં પાપનું અસ્તિત્વ અનાદિકાળથી છે. અને આત્મા ઉપર પાપકર્મના થરના થર જામવાથી જ અંધારૂ થાય છે. એ નિયમ પણ શાશ્વત છે. એમાં પણ શ્રદ્ધા હોવી, થવી જ જોઈએ. પરંતુ એવી શ્રદ્ધા થવી તો હજી પણ સહેલી છે. જ્યારે જિન ચરણ યુગલમાં સમ્યગ્ પ્રણામ કરવાથી તે પાપરૂપી તમ-અંધકારનો નાશ થાય છે. એ કારણ જન્ય કાર્યની સિદ્ધિરૂપ શ્રદ્ધા થવી કે હોવી ઘણી અઘરી છે. પરંતુ  લાવવી જ પડશે. અનન્તા ભૂતકાળમાં અનન્ત વાર સમ્યગ્ પ્રણામથી પાપોનો નાશ થયો છે. એ હકીકત છે. અને જૈન શાસનના મહાનમાં મહાન નમસ્કાર મહામંત્ર (નવકાર) માં પણ સાર ભૂત તત્ત્વની વાત શું છે? નમસ્કાર કરવાથી સર્વ પાપ કર્મોનો નાશ થાય છે. બસ આટલીજ વાત છે. એને જ છટ્ઠા અને સાતમા પદમાં સ્પષ્ટ કરી છે. છટ્ઠાપદ "एसो पंच नमुक्कारो" માં-

અરિહન્તાદિ પાંચે પરમેષ્ઠી ભગવન્તો ને નમસ્કાર કરવાથી-"सव्व पावप्पणासणो" સર્વ પાપ કર્મોનો નાશ થાય છે. અને એટલાજ માટે નમસ્કારમંત્ર સર્વ મંગલોમાં સર્વશ્રેષ્ઠ મંગળ છે. આ વાત ૮માં ૯માં પદમાં કહેવાઈ છે. જો અરિહન્તાદિ પાંચે પરમેષ્ઠી ભગવન્તોને નમસ્કાર કરવાથી પાપ કર્મોનો નાશ ન થતો હોત તો આ સિદ્ધાન્ત નવકાર જેવા મહામંત્ર માં ન લખાયો હોત, અને એના આધારે નવકારને પ્રથમ કક્ષાનું શ્રેષ્ઠ મંગળ પણ ન કહેવાયુ હોત. પરંતુ શાસ્ત્રકારો આ માટે સ્પષ્ટ કહે છે કે...

**जे केऽवि य गया मुक्खं, जे केऽवि य गमिस्संति ।**
**ते सव्वे चिय इक्क नवकारऽप्पभावेणैव ।।**

જે કોઈ ભૂતકાળમાં મોક્ષે ગયા છે, અને ભવિષ્યકાળમાં પણ જે કોઈ મોક્ષે જશે તે સર્વે એક નમસ્કારના પ્રભાવે જ ગયા છે અને જશે. નમસ્કારથી સર્વ પાપ કર્મોનો ક્ષય થાય છે. માટે નમસ્કારથી મોક્ષ સુલભ છે. એ પંચ પરમેષ્ઠી ભગવન્તોને નમસ્કાર કરવાથી સર્વ પાપ કર્મોનો ક્ષય થાય છે. અને તે વડે મોક્ષ મળે છે. એ જ વાત અહીં ભક્તામર મહાસ્તોત્રમાં પણ કહી છે. માત્ર શબ્દ રચના જૂદી છે. વાત કહેવાની રીત થોડી જૂદી છે. બાકી મૂળ તત્ત્વતો એનું એ જ છે. અહીં "जिन पादयुगं" થી- જિનેશ્વર પરમાત્માના ચરણ યુગલ (પાદયુગં-એટલે બન્ને પગ) માં "सम्यग् प्रणम्य" સારી રીતે પ્રણામ કરવાથી...અને ફળરૂપે....."दलित पाप तमो वितानं" પાપરૂપી તમ-અંધકાર ને દૂર કરનાર છે. નાશ કરનાર છે. અને તેજ "भवजले पततां जनानां" ભવસાગરમાં ડૂબતા-પડતા જીવો માટે-"आलम्बनं" આધારભૂત આલંબન છે.

હકીકતમાં તત્ત્વની દૃષ્ટીથી મૂળમાં જોવા જઈએ તો નવકાર મહામંત્રની ભૂમિકાની ૪ લાઈનો અને ભક્તામર મહાસ્તોત્રની પહેલી ગાથાની ૪ લાઈનો સારભૂત તત્ત્વની દૃષ્ટીએ સમાનાર્થક છે. બન્ને એક જ વાત કરે છે. કહેવાનો મતલબ એક જ છે. અને નવકાર અને ભક્તામર ની સરખામણી કરતા જે સરખા તત્ત્વ આવે છે એ જ અને એવો જ સારભૂત તત્ત્વ બીજા આવા જ અનેક સ્તોત્રો-આદિમાં આવશે. અને તે સ્પષ્ટ પણે જોવા મળશે.

ભક્તામર મહાસ્તોત્રમાં પણ રચયિતા મહાપૂરૂષ છેલ્લે જતા છેલ્લી

ગાથામાં મોક્ષપ્રાપ્તિનીજ વાત ફળરૂપે જણાવે છે. "**मवशा समुपैती लक्ष्मीम्**"તે સાધક સર્વોત્તમ કક્ષાનું શ્રેષ્ઠ મોક્ષસ્થાન રૂપી ઉત્તમ માનનું સ્થાન પ્રાપ્ત કરે છે. અહીં લક્ષ્મી-શોભા- થી મોક્ષ રૂપી લક્ષ્મી ની પ્રાપ્તિની વાત કરી છે. એ જ કર્તા ને અભિપ્રેત છે. ઠીક છે સર્વ સામાન્ય જીવો લક્ષ્મી શબ્દથી રૂપિયા-પૈસાની પ્રાપ્તિનો સર્વ સામાન્ય અર્થ લઈ લે છે. એ તેમની એટલા પૂરતા જ્ઞાનની જ વાત જણાય છે. જ્યારે એના બીજા અર્થોના જ્ઞાનથી તેઓ વંચિત છે. માટે મોક્ષ પ્રાપ્તિની વાત જ સર્વત્ર જૈન શાસનમાં કરવામાં આવી છે. એ સિવાય બીજી વાત સર્વથા ગૌણ છે. માટે મોક્ષ પ્રાપ્તિના ચરમ લક્ષ્યની સંકલ્પના લઈને જ સાધકે એનેજ સાધ્ય બનાવીને સાધનામાં પ્રવેશ કરવો ઉચિત છે, અને આગળ વધવું ઉચિત છે.

મોક્ષ પ્રાપ્તિના આગળના પગથીયા સ્વરૂપે કારણરૂપે સર્વ પાપ નાશની વાતને નવકારના ૭માં પદમાં કરી છે. તો એજ વાતને થોડાક શબ્દો ફેરવીને માનતુંગસૂરિ મહારાજે ભક્તામર મહાસ્તોત્રની પહેલી ગાથામાં કરી છે. પહેલી જ ગાથામાં સ્પષ્ટ કરવાનું કારણ એટલુ જ છે કે..જેથી સાધક.. એ લક્ષ્ય ચૂકે નહીં, લક્ષ્ય બદલે નહીં, સાધક ની ચિત્તવૃત્તિમાં ક્યાંક બીજો લક્ષ આવી ન જાય. માટે સ્થિર એક જ લક્ષ્ય લાવવા માટે પહેલા જ ભક્તામરમાં પ્રવેશ કરવાના સમયે જ સ્પષ્ટ કરી દીધી છે. આશ્ચર્યની વાત તો એ છે કે..આટલી સ્પષ્ટતા કરવા છતા પણ આરાધક ભાગ્યશાલીઓ આ વાતને નથી સમજી શકતા અને.., આ તત્ત્વને, સિદ્ધાન્તને નથી જાણી શકતા અને બીજા ક્ષુદ્ર સાધ્યો-લક્ષ્યો સાધવા માટે એવું માનસ, એવા ભાવો બનાવીને ભક્તામરાદિ સ્તોત્રોમાં પ્રવેશ કરે છે. અને પાપનાશક, મોક્ષ દાયક એવા મહાસ્તોત્રાદિને સુખ-સંપત્તિ ની પ્રાપ્તિના સાધન બનાવીને, એ જ લક્ષ્ય રાખીને મહાસ્તોત્રાદિનું સ્તર નીચુ લાવતા હોય છે. માટે પરમાર્થ-રહસ્યાર્થ ગૂઢાર્થ જાણી- સમજીને સાચી દિશામાં આગળ વધવુ હિતાવહ છે.

**ભક્તામર થી - અમર ભક્ત**

ભક્ત અને અમર આ બે શબ્દોની સંધિ થવાથી ભક્તામર શબ્દ બન્યો છે. કેટલાક ઉચ્ચાર કરતી વખતે ભ.ક્.તા.મ.ર. એવો શબ્દ બોલવાના બદલે ભક્તામ્બર એવો શબ્દ બોલે છે. કેટલાક એવી રીત લખે પણ છે. પરંતુ એમને

શુદ્ધ સંસ્કૃત ભાષાનો ખ્યાલ ન હોવાના કારણે આવુ થતુ હશે? પરંતુ ભક્તામ્બર આ શબ્દ સાવ ખોટો છે. સન્ધિ વિચ્છેદ ભક્ત-અમ્બર-ભક્તામ્બર અહીં અમ્બર શબ્દ આકાશ અને વસ્ત્ર (કપડા) આ બન્ને બંધબેસતા નથી. સાવ ખોટો અર્થ થાય છે. કારણ આગળ લાગેલ વિશેષણ "ભક્ત" એ કંઈ આકાશ કે વસ્ત્ર બન્નેની સાથે બંધબેસતો નથી. કારણ-આકાશ કે કપડા-વસ્ત્ર બન્ને જડ પદાર્થો છે. અને તે ક્યારેય ભક્ત બની શકતા જ નથી- માટે ખોટા છે. માટે ભક્તામ્બર શબ્દ બોલાય પણ નહીં, અને લખાય પણ નહીં.

જ્યારે ભક્તામર "ભક્ત"+અમર=ભક્તામર શબ્દ જ સાચો છે, બરોબર છે. અને અર્થની દૃષ્ટીએ સાર્થક છે. યોગ્ય છે. શ્વેતામ્બર, દિગમ્બર આદિ જેવા શબ્દોના જેવા સમાન ઉચ્ચાર વાળો ભક્તામ્બર શબ્દ ઉત્તર ભારતના લોકોએ વધારે પ્રચલિત કરી દીધો. પરંતુ અર્થ-વ્યાકરણ કે ભાષા ની દૃષ્ટીએ તો સાવ ખોટો છે. જ્યારે ભક્તામર જ સાચો શબ્દ છે.

સ્વર્ગમાં અગણિત-અસંખ્ય દેવતાઓ છે. ચારેય નિકાયના આ અસંખ્ય દેવતાઓમાં બધા જ જિન ભક્ત, પ્રભુ ભક્ત નથી હોતા. આખરે તો દેવ ગતિ પણ સંસારચક્રની ૪ ગતિઓ પૈકીની એક છે. છેવટે તો દેવતાઓ પણ સંસાર માં જ ગણાય છે. તે દેવતાઓમાં પણ બહુસંખ્ય- મોટા ભાગના નાસ્તિક મિથ્યાત્વીઓ હોય છે.આવા મિથ્યાત્વી દેવો તો જિનભક્ત કે પ્રભુભક્ત હોઈ જ ન શકે. મિથ્યાત્વી ક્યાંથી ભગવાનને માને? મોક્ષને કે પછી પુણ્ય-પાપને, કે ધર્મને કશાનેય માનવાની તેની વૃત્તિ હોતી જ નથી. દેવ થઈ ગયા તેથી શું થઈ ગયું? આવા તો હજારો જીવો રોજના દેવગતિમાં નવા જન્મે છે. મનુષ્ય કે તિર્યંચ ગતિમાંથી જીવો દેવગતિમાં જાય છે, અને દેવી-દેવતા થાય છે. તેથી શું થઈ ગયું? આ તો પુણ્યયોગે બને છે. દેવ-ગતિની પ્રાપ્તિ દૈવી જન્મ પુણ્યયોગે મળી શકે છે. એમાં કોઈ મોટું આશ્ચર્ય નથી. પરંતુ યાદ રાખો! મિથ્યાત્વનું ટળવુ અને સમ્યક્ત્વનું મળવું એ કંઈ પુણ્ય યોગે નથી થતું. એમાં પુણ્ય કામે નથી લાગતું. એ તો કર્મ ક્ષયની પ્રક્રિયાથી જ સંભવ બને છે. કર્મગ્રન્થાદિ શાસ્ત્રોમાંથી આ પ્રક્રિયાનો અભ્યાસ કરવો જોઈએ જેથી ગ્રંથીભેદાદિનો ખ્યાલ આવે. જેઓ મનુષ્ય જન્મમાં જ જન્મજાત મિથ્યાત્વી છે, આત્મા, પરમાત્મા, મોક્ષ, પુણ્ય-પાપ-કર્મ-

ધર્માદિ કોઈ જ તત્ત્વ નથી માનતા, સમ્યગ્ રીતે નથી જાણતા. અને પરોપકારાદિ-દાનાદિ ના કારણે કદાચ દેવગતિમાં ચાલ્યા જાય. ત્યાં દેવજન્મમાં દેવી-દેવતા બની જાય તેથી કંઈ મિથ્યાત્વ ટળીને સમ્યક્ત્વ ઓછુ મળી જાય છે? દેવ ભવમાં પણ મિથ્યાત્વી જ રહે છે. ઉપરથી મનુષ્ય જન્મ કરતા પણ અધિગમ માર્ગે સમ્યક્ત્વ પામવાના નિમિતો ત્યાં ઘણાં ઓછા મળે છે. મનુષ્ય જન્મ માં તો જ્ઞાની ગીતાર્થ ગુરૂ ભગવન્તો નો ઉપદેશાદિના યોગો ઘણાં સારા મળી જાય છે. જે મિથ્યાત્વ નું નિવારણ કરવામાં અને સમ્યક્ત્વ પામવામાં ઘણાં પ્રબલ નિમિત્તો પ્રાપ્ત કરાવે છે. તેના નિમિતે નિબીડ ગ્રંથીભેદ થઈ શકે અને મિથ્યાત્વની ગાંઠ છેદાતા સમ્યક્ત્વ પામી પણ જવાય છે. દેવગતિમાં સ્વર્ગમાં સાવ અસંભવ કે અભાવ નથી. તેમ છતાં પણ શક્યતા મનુષ્ય ગતિની સરખામણીમાં ઘણી ઓછી છે. તેથી મોટા ભાગના દેવતાઓ મિથ્યાત્વી હોય છે. અને આવા મિથ્યાત્વી દેવી-દેવતા "ભક્ત"બની નથી શકતા.

સમ્યક્ત્વ પામેલા, આત્મા-પરમાત્મા-મોક્ષ-પુણ્ય-પાપાદિ તત્ત્વો માનતા અને સમ્યગ્ રીતે જાણતા એવા શુદ્ધ સમ્યક્ત્વી દેવતાઓ વિરલા જ હોય છે. ઈન્દ્રો નિયમાં સમ્યક્ત્વી હોય છે. એવા સમ્યક્ત્વી દેવો જ જિનેશ્વર- ભગવન્તોને ભવોદધિ તારક માનતા હોય છે. આત્મ કલ્યાણાર્થે મોક્ષ પ્રાપ્ત્યર્થે, કર્મક્ષયાર્થે આવા વીતરાગી પરમેશ્વર-પરમાત્માની ઉપાસના ભક્તિ કરતા હોય છે. તેઓ માત્ર રંગ-રાગમાં સુખ-ભોગો ભોગવવામાં મશગુલ નથી રહેતા. જિનવાણી શ્રવણ કરવા, ખાસ કેવળીની દેશના શ્રવણાર્થે સમવસરણમાં પણ જાય છે. શાશ્વતા જિનેશ્વરોની મૂર્તિઓ આદિની પૂજા-ભક્તિ પણ કરતા હોય છે. નંદીશ્વર દ્વીપ આદિ શાશ્વતા તીર્થોમાં યાત્રાર્થે પણ જાય છે. જિન કલ્યાણકોની ઉજવણી પણ કરતા હોય છે. હા, તેમને પણ કર્મો ઘણાં ખપાવવાના હોય છે. તેથી આ જ માર્ગ તેમના માટે પણ આચરણીય છે. માટે જન્મોજન્મના પાપકર્મો ખપાવવા માટે પ્રભુ ભક્તિ આદિ વધુ કરતા હોય છે. એવા ભક્ત દેવતાઓ જ અહીં ભક્તામર શબ્દથી અભિપ્રેત છે. "અમર" શબ્દ કોશકારે દેવતામાટે પર્યાયવાચી સમાનાર્થક શબ્દ વાપર્યો છે. આવા પ્રભુ ભક્ત અમરો (દેવો) ને પૂર્ણ શ્રદ્ધા છે કે જિન ચરણ યુગલમાં ભક્તિભાવ પૂર્વક સમ્યગ્ પ્રણામ- સારી અને સાચી રીતે

નમસ્કાર કરવાથી પાપ ધોવાય છે. પાપરૂપી તમ-અંધકાર દૂર થાય છે. અને જીવનમાં અનેરો ઉદ્યોત-પ્રકાશ પથરાય છે. અને એજ જિનેશ્વર પરમાત્માના ચરણયુગલ આ ભવસાગર તરવા માટે પરમ-શ્રેષ્ઠ આધારભૂત આલંબન છે. આ સમ્યગ્ દૃષ્ટી સમ્યક્ત્વી શ્રદ્ધાળુ દેવતાઓની દૃઢ માન્યતા છે. આવી દૃઢ માન્યતા થી ભક્ત દેવો અમર બની જાય છે. અને આવા અમરો દેવતાઓ ભક્ત બની જાય છે. તો શું મનુષ્યો અમર ન બની શકે?

આપણે મૃત્યુ લોકના માનવીઓએ પણ આ વિષયમાં તો દેવતાઓ જેટલી અને જેવી સાચી શ્રદ્ધા રાખવી જ પડશે. આપણે પુણ્યાઈના ક્ષેત્રમાં દેવતાઓની ઋદ્ધિ-સિદ્ધિ-વૈભવાદિની સરખામણી તો ન જ કરી શકીએ. પરંતુ ભક્તિ-ભાવપૂર્વકની શ્રદ્ધામાં દેવતાઓની સરખામણી તો કરી શકીએ કે નહીં? શું ભક્તિભાવ પૂર્વક પ્રભુના ચરણોમાં નમસ્કાર કરવામાં, અને પ્રભુના આ ચરણ યુગલ જ ભવજલ તરવામાં એક માત્ર આધારભૂત આલંબન છે એવી દૃઢ શ્રદ્ધા રાખવામાં શું દેવતાઓની સરખામણી ન કરી શકીએ? કેમ ન કરી શકીએ? એમાં ક્યાં પુણ્યાઈ કે વૈભવ ની જરૂરીયાત છે? ના. બિલકુલ નહીં. તો પછી શું કામ ન કરવી? દેવતાઓ કંઈ જન્મ-મરણ રહિત અમર નથી. પરંતુ અમર શબ્દ તેમના માટે વાચક બન્યો છે, માટે વપરાય છે. જ્યારે મનુષ્યો ભલે જન્મજાત અમર ન પણ હોય પરંતુ પ્રભુ ભક્તિથી પરમાત્માની ઉપાસના-જાપ-ધ્યાનાદિથી અમર બની શકે છે. અર્થાત દેવગતીમાં ઉંચી કક્ષાના વૈમાનિક દેવ અને તેમાં પણ ઇન્દ્ર બની શકે છે. અને આવા સ્વર્ગમાં અમર બનવું કંઈ મોટી વાત નથી. સાચા અર્થમાં અમર એટલે જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થઈને ભવજલ તરીને ભવસંસાર પાર ઉતરીને મોક્ષમાં પહોંચી સદા માટે અમર બની શકે છે.

આ છે ભક્તામર મહાસ્તોત્રની પહેલી ગાથા નું તાત્ત્વિક અને સાત્વિક વિવેચન. સર્વ પ્રથમ આટલુ બે-ચાર-વાર વારંવાર વાંચીને, શાન્તચિત્તે સારી રીતે સમજી લઈને મનમાં અર્થ, ભાવ અવધારી લેવા. જેથી ધ્યાન વખતે માનસ પટલ પર અધ્યવસાયો એક ધારા ઉભરાવા માંડે. એ વખતે ધ્યાનમાં પછી જ્ઞાન ખૂટી ન જવુ જોઈએ. ભાવોની વિશુદ્ધિ વધતી જવી જોઈએ. યાદ રાખો ૧૦ કલાકનું પૂરતુ જ્ઞાન હોય ત્યારે માંડ ૧૦ મિનિટનું ધ્યાન થઈ શકે છે. જેમ ૧૦

કીલો દૂધ હોય ત્યારે માંડ ૧ કીલો માવો થઈ શકે છે. પણ એ માવા ની શક્તિ ૧૦ કીલો દૂધ કરતા પણ દસ ગણી હોય છે. એવી જ રીતે ૧૦ મિનિટના ધ્યાનની શક્તિ પણ ૧૦ કલાકના જ્ઞાન કરતા, કદાચ ૧૦ દિવસના જ્ઞાન કરતા પણ દસગણી હોય છે. કેવી રીતે? કદાચ ૧૦ દિવસનું જ્ઞાનાદિ કોઈ પણ સાધનાદિનું નિમિત જેટલી નિર્જરા-કર્મ ક્ષય કે પાપનાશ ન કરી શકે તેના કરતા પણ વધારે કદાચ દસ ગણી નિર્જરા ૧૦ મિનિટમાં ધ્યાનમાં સંભવ બની શકે છે. સ્વયં સર્વ તીર્થંકર ભગવન્તોએ જાતે વધુમાં વધુ ધ્યાન જ કર્યુ છે. ઉગ્ર તપશ્ચર્યાદિ સાથે ધ્યાન નું પ્રમાણ વધારીને અલ્પકાળાવધિમાં તેમને વધુ કર્મો ખપાવ્યા છે. ક્ષય કર્યા છે. અને કેવળજ્ઞાન પામ્યા છે. માટે સાચુ સમ્યગ્ ધ્યાન એ અલ્પ સમયમાં વધુ કર્મો ખપાવવા માટે તો અમોઘ ઉપાય છે. માટે શાસ્ત્રો પણ સ્પષ્ટ કહે છે કે **"ध्यानाग्निना दह्यते कर्म"** ધ્યાનરૂપી અગ્નિ વડે કર્મો બળી જાય છે. ધ્યાનને એક તીવ્ર અગ્નિ-આગ કહી છે. આ અન્દરની આન્તરિક આગ છે. જેમ આગ બધુ જ બાળીને ભસ્મ કરી નાંખે છે. તેમ આત્મામાં ધ્યાનની અગ્નિ પણ બધા જ કર્મોને બાળીને ખતમ કરી નાંખે છે. કરોડો વર્ષોના કે કરોડો ભવોના કર્મો પણ બળીને ખાક થઈ શકે છે. માત્ર...ધ્યાન સાચુ સમ્યગ્ બલવત્તર કક્ષાનું હોવું જરૂરી છે. ઉપરોક્ત વિવેચન વારંવાર શાન્તચિત્તે વાંચી વિચારીને સમજી લઈને મનમાં અવધારી લેવું. મનને ભાવિત કરવું. જ્ઞાન પૂરતું ઉપસ્થિત તૈયાર રાખવું.

**સામગ્રી** - ૧) ભગવાન આદીશ્વર દાદાની (અથવા કોઈ પણ પ્રભુની) ઉભી કાયોત્સર્ગ ધ્યાનસ્થ મૂર્તિ અથવા સુંદર ફોટો, ૨) બાજોઠ, ૩) સૂતર ની અથવા સ્ફટિકની માળા, દીવો-ધૂપ, પુષ્પો ગરમ આસન (કટાસણું), હોય તો ભકતામર યંત્ર, વાસક્ષેપ, ભક્તામર સ્તોત્રની નાની પુસ્તિકા અને સામાયિક લઈને કરવુ હોય તો સામાયિક ના ઉપકરણો-ચરવલો-મુહપત્તી-આદી શુદ્ધ વસ્ત્રો, આદિ

**તૈયારી** - સામાયિકના શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને...પૂર્વ-ઉત્તર અથવા ઈશાન દિશામાં સુંદર બાજોઠ ઉપર પ્રભુની મૂર્તિ અથવા ફોટો ૩ નવકાર ગણીને સ્થાપન કરવો, પધરાવવો. એવી જ રીતે (હોય તો) ભક્તામરસ્તોત્રનું યંત્ર પધરાવવું. દીવો-ધૂપ- (અગરબત્તી) કરવી. અને સામે કટાસણું (ગરમ આસન પાથરવા. માળા આદિ સામે બાજોઠ ઉપર મૂકવી. વાસક્ષેપની ડબ્બી મૂકવી. હોયતો પુષ્પાદિ

થાલીમાં રાખવા.)

**વિધિક્રમ**- પ્રથમ બાજોઠ ઉપર ઉચ્ચાસને પ્રમાર્જી-પૂંજીને શુદ્ધ વસ્ત્ર પાથરવું. ૩ નવકાર ગણીને પ્રભુજીની મૂર્તિ કે ફોટો સ્થાપન કરવો. યંત્રની પણ તે જ રીતે સ્થાપના કરવી. પ્રભુજીના ચરણે અને નવાંગે વાસક્ષેપથી પૂજા કરવી. અને યંત્ર ઉપર પણ વાસક્ષેપથી પૂજા કરવી. શ્વેતાદિ પુષ્પ ચઢાવવા. દીવો-ધૂપાદિ કરીને પ્રભુ સ્તુતિ કરવી. આદિનાથ પ્રભનુ આદિની સુંદર ભાવવાહી સ્તુતિઓ બોલવી. ભૂમિ શુદ્ધિ-આદિની કરવી. સ્વ શુદ્ધિ કરવી. દ્રવ્ય પૂજા પતી ગયા પછી થોડે દૂર રહી સ્થાપનાચાર્યજી સાપડા ઉપર રાખી સ્થાપવા. અને ખમાસમણ દઈ ઈરિયાવહી કરીને સામાયિક લેવાની વિધિ પૂર્વક સામાયિક લેવી.

**સ્તોત્રપાઠ**- સામાયિક લેવાઈ ગયા પછી ઉભા થઈને ૩ ખમાસમણા સૂત્ર બોલવા પૂર્વક દેવા. શાન્તિથી બેસીને શાન્ત ચિત્તે સ્વસ્થતા પૂર્વક "આત્મરક્ષા સ્તોત્ર" બોલવા પૂર્વક અંગન્યાસાદિ કરતા જવું. ત્યારબાદ ૩ નવકાર બે હાથ જોડીને બોલીને...ભક્તામર મહાસ્તોત્રનો પૂર્ણ પાઠ કરવો. વસન્તતિલકા છન્દના રાગમાં શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સંપૂર્ણ સ્તોત્ર બોલવો. (મોઢે ન આવડે તો પુસ્તકમાં જોઈને બોલવું)

**જાપ**- સ્તોત્ર પાઠ પછી બની શકે તો પૂર્ણ પદ્માસનમાં (અથવા ન જ ફાવે તો અર્ધ પદ્માસનમાં ટટ્ટાર બેસીને માળા હાથમાં લઈને પ્રથમ નવકાર મહામંત્રની આખી બાંધા પારાની ૧ માળા ગણવી. ૧૦૮ નવકારનો જાપ શાન્તચિત્તે ધીમે-ધીમે કરવો. બહુ ઝડપથી ન કરવો. અર્થ ચિન્તન ભાવપૂર્વક કરવું.)

ત્યારબાદ...શ્રી આદિનાથ ભગવાનના મંત્રનો જાપ ૧ માળા
ગણવા પૂર્વક કરવો. મંત્ર- **ॐ ह्रीँ श्रीँ अर्हं श्री आदिनाथाय नमः ।** (अथवा)
**ॐ ह्रीँ श्रीँ अर्हं श्री ऋषभदेवाय नमः ।** अथवा
**ॐ ह्रीँ श्रीँ अर्हं श्री आदीश्वराय नमः ।**

આ ત્રણ પૈકી કોઈ પણ એક મંત્ર જે વધુ સારી રીતે જીભે સરળતાથી ચઢી જાય (બેસી જાયે) તે મંત્રનો ૧૦૮ વાર ૧ માળા ગણવા પૂર્વક શાન્તિથી જાય કરવો. જો વધુ સમય ની અનુકૂળતા હોય તો ૩ માળા ગણવી. જાપ કરતી વખતે પણ પદ્માસનમાં સ્થિર ટટ્ટાર બેસીને, જમણાં હાથમાંજ આંગળીઓ ઉપર (મૂઠ્ઠી

વાળતા વચ્ચે આવે તે રીતે) માળા રાખીને અંગૂઠાથી મણકા ફેરવવા પૂર્વક મંત્ર નો જાપ કરવો. દૃષ્ટી નાસિકાગ્ર ભાગ ઉપર અથવા સામે રાખેલ આદીશ્વર દાદાની મૂર્તિ કે ફોટા ઉપર સ્થિર રાખીને જાપ કરવો.

**પ્રાણાયામ**- અનુલોમ-વિલોમ પ્રાણાયામ ૫ થી ૧૦ મિનિટ કરવો. નાડી શુદ્ધિ પ્રાણાયામ કરવાથી શુદ્ધ પ્રાણવાયુ નો સંચય થાય છે. અને અપ્રમત રહેવામાં વધુ સારો સહયોગ મળે છે. પૂરક-કુંભક-રેચક ની પ્રક્રિયાનો પ્રાણાયામ જો સારી રીતે આવડતો હોય- અભ્યાસ હોય તો તે પ્રમાણે કરવો.

**ૐકારોચ્ચાર**- શાન્તચિત્તે ૫ થી ૧૦ મિનિટ અથવા ૭,૯ કે ૧૨ વખત ૐ ની ધ્વનિનો દીર્ઘ ઉચ્ચાર કરવો. દીર્ઘ શ્વાસ ધિમે-ધિમે લીધા પછી ધીમે-ધીમે ૐ (ઓમ્) ની ધ્વનિનો ઉચ્ચાર કરવો. આંખો સંપૂર્ણ બંધ રાખવી. મન ૐકારમાં જ પરોવાય તે ધ્યાન રાખવું. બીજા વિચારો બિલ્કુલ ન આવે. એ રીતે શ્વાસ ઉપર ધ્યાન રાખતા ૐકારનો શુદ્ધ ઉચ્ચાર કરતા રહેવું.

**શ્વાસપ્રેક્ષા**- ધીરે-ધીરે પોતાના સ્વાભાવિક શ્વાસ ની આવન-જાવન ને જોયા કરવી. નાસિકારન્ધ્રમાંથી જે સ્વાભાવિક શ્વાસ આપણે લઈએ છીએ અને છોડીએ છીએ તેનું નિરીક્ષણ કરવાનું છે. શ્વાસ લેવા કે છોડવા માટે કોઈજ પ્રયત્ન નથી કરવાનો. પરંતુ સ્થિરપણે માત્ર જોવાનો જ પ્રયત્ન કરવાનો છે. સ્વસ્થતા પૂર્વક શ્વાસ સહજપણે જે આવે છે, જેટલો આવે છે, અને જેટલો બહાર નિકળે છે તે માત્ર જોતા રહેવાનું છે. તેનાથી બીજા વિચારો આવવાના સાવ બંધ થઈ જશે. વિચારો શાંત થઈ જાય છે. અને મન પણ શાંત થઈ જાય છે

**ધ્યાનારંભ**- અર્ધ પદ્માસનમાં બન્ને હાથની હથેલીઓ બન્ને ઢીંચણ ઉપર રાખવી. હથેલી આકાશ તરફ ખુલ્લી રહેશે. અને હાથ પૂર્ણપણે સીધા રહેશે. અંગૂઠો અને પહેલી તર્જની આંગળી બન્ને ભેગા કરી ટેરવા દબાવીને જ્ઞાન મુદ્રામાં સ્થિર રહેવું. અથવા પરમાત્માની મૂર્તિ જે રીતે છે..જેમ છે તેમ પૂર્ણ પદ્માસનમાં બન્ને હાથ પણ મૂર્તિની જેમ ભેગા કરી ડાબા હાથની હથેલી ઉપર જમણા હાથની હથેલી સ્થાપન કરી બન્ને કોણી પેટને ન અડે તેવી રીતે થોડી દૂર રાખીને ટટ્ટાર સ્થિર બેસવું.

જો બન્ને આસનો ન જ ફાવે તો છેવટે સુખાસનમાં સ્થિર બેસવું. એટલે સાદી પલાઠીવાળીને જ્ઞાન મુદ્રામાં સ્થિર બેસવું. આસન ગમે તે હોય માત્ર

સ્થિરતા ન તૂટવી જોઈએ હલન-ચલન બિલ્કુલ ન થવું જોઈએ. આંખો સંપૂર્ણ પણે બંધ રહેશે. હળવાશથી આંખો બંધ રાખવી. વચ્ચે આંખો ખોલવી કે ફરકાવવી નહીં (બારી-બારણા બંધ રાખવા જેથી કોઈ પણ રીતે વિક્ષેપ ન પડે. વચ્ચે બાધા ઉભી ન થાય. તેમ બીજાને સૂચના આપીને બેસવું. જેથી ૧ કલાક ધ્યાનમાં કોઈ પણ જાતનો વ્યવધાન ન થાય, વિક્ષેપ ન થાય. જેથી ધ્યાન તૂટે નહીં અને અખણ્ડપણે ધ્યાન ચાલે.

**સંકલ્પ-** નિરીહ ભાવથી મનમાં દૃઢ સંકલ્પ કરવો. તે આ પ્રમાણે... હું આજે આ તિથિ....વાર,..., ના દિવસે, સમયે...., આ સ્થાને આસનમાં સ્થિર છું, શ્રી ભક્તામર મહાસ્તોત્રના પાઠ પૂર્વક...જાપ..ધ્યાનની સાધના કરવા બેઠો છું. પરમાત્મા આદીશ્વરદાદાના ચરણાવિન્દમાં પૂર્ણ શ્રદ્ધાપૂર્વક આ સાધના કરી રહ્યો છું. સંસારના ભૌતિક-પૌદ્‌ગલિક-વૈભવિક કોઈ પણ પ્રકારના સુખો કે ભોગોની અંશમાત્ર પણ આશા કે અપેક્ષા નથી. તેની પ્રાપ્તિ ની કોઈ ઇચ્છા નથી. એટલે એ માટે આ સાધના નથી કરતો. એક માત્ર પાપ કર્મોનો ક્ષય થાય, નાશ થાય તેવા શુદ્ધ આશયથી આ જાપ-ધ્યાનની સાધના કરી રહ્યો છું. બસ, આ ભવસાગર તરૂં, પાર ઉતરૂં, પરંપરાએ અમરધામ મોક્ષ મેળવું. આત્મ કલ્યાણ સાધુ એવા એક માત્ર પવિત્ર આશયથી-આ જાપ-ધ્યાન સાધના કરૂં છુ. બસ એ સિવાય બીજા કોઈ પણ પ્રકારના ફળની આકાંક્ષા કે આશા નથી. મારા આત્મપ્રદેશો ઉપર લાગેલા અનેક પાપ જન્ય કર્મો નો ક્ષય થાય. મારો આત્મા કર્મ રહિત શુદ્ધ થાય તે જ એક માત્ર ઈચ્છા છે. આ સિવાય બીજી કોઈ અપેક્ષા નથી.

**ધ્યાન....** બીજી બધી ચિન્તાઓનો, સર્વથા નિરોધ કરીને-રોકીને-એકાગ્રતા પૂર્વક-એક જ વિષયમાં સ્થિરતા પૂર્વક ધ્યાન કરતા રહેવું. ચિન્તા...એ ચિન્તન-વિચાર અર્થમાં છે. સેંકડો વિષયો ના વિચારો જે ચાલતા હોય છે તે સર્વથા બંધ કરવાના અને જે વિષયનું ધ્યાન શરૂ કર્યુ હોય તે જ વિષયમાં સ્થિર થઈ જ્ઞાનનો ઉપયોગ કરવો.

કાયા-શરીર આસનબદ્ધ સ્થિર છે. સહેજ પણ હલન-ચલન ન થાય, વચનયોગ મૌનમાં સ્થિર છે. માટે ભાષા પ્રયોગ શબ્દોચ્ચાર બિલ્કુલ બંધ છે. હવે રહ્યો મનો યોગ. મનમાં બીજા બધા જ વિષયના વિચારો પૂર્ણ-પણે બંધ કરીને એક માત્ર

ધ્યેયના વિષયમાં તલ્લીન રહેવાનું છે. એના જ વિચારો રહે.

સામે જે ચિત્ર આદીશ્વરદાદાનું હતુ. તે, અથવા કાયોત્સર્ગધ્યાનસ્થ આદીશ્વર દાદાની મૂર્તિ કે ચિત્ર પણ માનસ ચિત્રમાં ઉપસાવો. બંધ આંખે આદીશ્વરપ્રભુ કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભા છે તે સ્પષ્ટ દેખાવા માંડે. થોડી વધારે સ્પષ્ટતા કેળવતા જાઓ. એટલે આદિનાથ પ્રભુનો વર્ણ—રૂપ-રંગાદિ સ્પષ્ટ થાય પ્રભુની કાયોત્સર્ગ ધ્યાન મુદ્રા સ્પષ્ટપણે અંતરમાં દેખાય, પ્રભુના સૌમ્ય-શાન્ત મુખારવિન્દના દર્શન કરતા જાઓ. સુંદર દેદિપ્યમાન કાયા દેખાય. બન્ને ચરણ પગની દશે આંગળીઓ ધારી ધારીને જુઓ. નખપંક્તિ સુંદર ચળકતી દેખાશે. આવા યુગાદીશ્વર પ્રભુના દર્શનાર્થે ઈન્દ્ર મહારાજ આવ્યા છે. વિપુલ વૈભવથી પરિપૂર્ણ ઈન્દ્રે માથે સોનેરી મુકુટ ધારણ કરેલો છે. એ મુકુટમાં અનેક મણિઓ-રત્નો જડેલા છે. જેમાંથી પ્રભા-કિરણોં નિકળતા હોય છે. ઈન્દ્રમહારાજ પ્રભુની નજદીક આવે છે. અને પ્રભુના પગમાં પડે છે. નતમસ્તક થઈ બે હાથ જોડી માથુ નમાવી નમસ્કાર કરે છે. ઈન્દ્રના મુખ ઉપર ભાવો ઉભરાતા દેખાય છે. નમતી વખતે ઈન્દ્રના મુકુટમાં જડેલી મણિઓમાંથી નિકળતી પ્રકાશની કિરણોં પ્રભુના ચરણ યુગલની દશે નખપંક્તિ ઉપર પડે છે. સ્વયં તેજસ્વી પ્રભુની કાયા માં મણિરત્નોની કિરણોંથી વધારો થાય છે. ચરણ યુગલની આંગળીઓના દશે નખો એટલા બધા ચમકવા લાગ્યા કે..તેનું તેજ જોઈને સ્વયં દેવતા વિસ્મય-આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. અને વિમાસણમાં મૂકાયા કે...અરે!...મારા મુકુટમાં જડેલી મણિઓ રત્નો વધારે તેજથી ચળકે છે કે પછી પ્રભુના ચરણ યુગલની આંગળીઓના નખો વધારે તેજ થી ઝળહળે છે? શું વાત છે? અને એટલામાં તો પ્રભુના ચરણ યુગલના નખોમાંથી નિકળતી..પરાવર્તિત થતી તેજની કિરણો નમેલા ઈન્દ્રાદિ દેવતા તરફ જ આવી રહી છે. આ પરાવર્તિત તેજ કિરણોંને જોઈને રોમાંચિત થયેલા ઈન્દ્ર મહારાજ મનમાં એક જ વાત સમજે છે કે...બસ..આજે તો કૃતકૃત્ય થઈ ગયો છું. ધન્ય-ધન્ય થઈ ગયો છું. આ નખોમાંથી નિકળતું તેજ તો જાણે સાક્ષાત પ્રભુની કૃપાદૃષ્ટિ જ લાગે છે. બસ મારો તો પાપરૂપી તમ-અંધકાર દૂર થઈ ગયો છે. મારા તો પાપો ધોવાઈ ગયા છે. ત્યારે જ તો ત્રણલોકના નાથ પ્રભુ સાક્ષાત મળ્યા છે. પ્રભુની અસીમ કૃપા-

કરૂણા વરસી રહી છે. પાપકર્મો ધોવાઈ ગયા અર્થાત નાશ પામે છે. કર્મો ખપે છે. અને પ્રભુના તેજોવલયમાં હું પ્રવેશ્યો છું. તેજઃપુંજથી હું પવિત્ર થઈ રહ્યો છું. આજે પાપ કર્મના ક્ષય પછી જીવનમાં અનેરો-અનોખો પ્રકાશ પથરાઈ રહ્યો છે. અદ્‌ભૂત અજવાળુ વ્યાપી રહ્યુ છે. પસરતુ જ જાય છે.

થોડુ વધારે ધ્યાન કેન્દ્રિત કરીને પ્રભુના ચરણ યુગલની નખપંક્તિઓમાંથી નિકળતી તેજ રશ્મિઓ-પ્રકાશ કિરણોંને જોવાનો પ્રયત્ન કરો. બસ, ઈન્દ્રની જગ્યાએ પોતાને ગોઠવો. પોતાને જૂઓ. નતમસ્તક થઈને પ્રભુના ચરણોમાં નમીને સારી રીતે નમસ્કાર હું પોતે કરી રહ્યો છું, અને પ્રભુના ચરણ યુગલના નખોમાંથી નિકળતી પ્રભા-તેજ કિરણોં મારા ઉપર પડી રહી છે. હું તે ઝીલી રહ્યો છું. પ્રભુની આ અસીમ કૃપા વૃષ્ટીમાં નાંહિ રહ્યો છું. આ..હા.. આજે તો કૃતકૃત્ય ધન્ય-ધન્ય થઈ ગયો છું. મારા જન્મોજન્મના પાપ કર્મો ધોવાઈ રહ્યા છે. પાપકર્મો ખપી રહ્યા છે. એક અદ્‌ભૂત અનોખો આનન્દ અનુભવી રહ્યો છું. જે ક્યારેય નથી અનુભવાયો તેવો આજે કોઈ અનેરો આનન્દ આવી રહ્યો છે. આ..હા...ચારેય બાજુ પ્રકાશ વ્યાપી ગયો છે. તેજ ઝળહળી રહ્યું છે. પ્રભુના માત્ર ચરણ યુગલની નખપંક્તિઓનું જ આ તેજ છે. આ પ્રભા છે. તો વિચાર કરો કે પ્રભુના મુખારવિંદ નું તેજ તો કેટલું હશે? પ્રભુના નેત્રોમાંથી કેટલી અસીમ કરૂણા- કૃપા વરસી રહી હશે? અરે! સંપૂર્ણ કાયામાંથી ચારેય બાજુથી એટલું બધું તેજ નિકળી રહ્યું છે કે તેની સામે સૂર્યનું તેજ પણ ઝાંખું પડે. સાવ ફીકુ પડે. અને અનેક સૂર્યો ભેગા થઈ જાય તો પણ પ્રભુના તેજ ની તોલે ન આવી શકે. માટે દેવતાઓ પ્રભુની પાછળ ભામંડળ રચે છે. જે સર્વ તેજ ને સંહરી લઈને પ્રભુની મુખાકૃતિને સૌમ્ય બનાવે છે. જેથી તે દર્શનીય બને છે.

બસ હું પ્રભુના તેજોવલયની પરિધીમાં (Aura માં) છુ. પ્રભુની આ તેજોવૃષ્ટીમાં હું ન્હાઈ રહ્યો છું. મારા પાપો ધોવાઈ રહ્યા છે. ન્હાવાથી જેમ દેહશુદ્ધિ થાય છે. તેમ આ પણ એક વિશિષ્ટ કક્ષાનું સ્નાન છે. પાણીમાં, અને પાણીથી તો રોજ ન્હાયા કરીએ છીએ. જ્યારે આ તો તેજસ્નાન છે. અને તે પણ પ્રભુની તેજોવૃષ્ટીમાં ન્હાવાનું છે. બસ...પ્રભુના ચરણ-કમળમાં હું જાતે બેઠો છું. અને પ્રભુની તેજોવર્ષા મારા ઉપર પડી રહી છે. (બધા વિચારો શાંત..બંધ) શાંત-સ્થિર ચિત્તે તેજોવર્ષા માં ન્હાવાનો થોડીવાર અનુભવ કરતા રહો...અને

આ અદ્‌ભૂત વર્ષામાં અનોખો આનંદ અનુભવતા રહો...(૨...૫ મિનિટ અનુભવ કરતા રહો....)

આ અદ્‌ભૂત તેજોવર્ષામાં...પ્રભુની કૃપાવૃષ્ટીમાં.... અને કરૂણા વૃષ્ટીમાં... મારા પાપ કર્મો ધોવાઈ રહ્યા છે. સુવર્ણ તપીને જેમ શુદ્ધ થાય છે. તેમ હું પણ આ તેજોવર્ષામાં તપીને-ન્હાઈને શુદ્ધ થતો જ જાઉં છું. જેમ પાપકર્મોના થર ના થર ભીંત ઉપરથી રંગની પોપડીની જેમ ખરી પડે છે. અને પાપ રહિત થવું એ જ શુદ્ધિ છે. વિશુદ્ધિ છે. અને આ વિશુદ્ધિ હું અનુભવી રહ્યો છું. જન્મોજન્મના ભવોભવના પાપકર્મોના પડળો આજે ખરી રહ્યા છે. મારા આત્મ પ્રદેશોથી છૂટા પડી ને દૂર થઈ રહ્યા છે. મારો આત્મા ચોક્ખો શુદ્ધ થઈ રહ્યો છે. આ...હા...હા.. અનોખો અદ્‌ભૂત આનંદ આવી રહ્યો છે. જેટલી આનંદની માત્રા વધારે તેટલી નિર્જરાની પણ માત્રા વધારે.

જેમ જેમ આનંદનીમાત્રા વધતી જશે તેમ તેમ કર્મ નિર્જરાનું પ્રમાણ પણ વધતું જ જશે. શાંત અને સ્વસ્થ ચિત્તે આ દૃશ્ય જોતા જ રહો, અનુભવતા જ રહો. બસ.. હવે બીજા કોઈ જ વિચાર નથી કરવાના. જે સહજ ભાવે આ દૃશ્ય જોવા મળી રહ્યુ છે, પ્રભુ ચરણોમાં માણવા મળી રહ્યુ છે...બસ તેમાં જ તન્મય-તલ્લીન રહો. પ્રભુ ચરણોમાં ધ્યાન સ્થિર રાખો. તેજપુંજને પસરતુ જોયાજ કરો. તેજોવૃષ્ટીમાં મ્હાલતા રહો. ચરણ યુગલની નખપંક્તિમાંથી નિકળતી તેજ કિરણોંને સતત પોતાના ઉપર ઝીલતા રહો....(આ બધુ જે લખાય છે તેમાંનું એક પણ વાક્ય બોલવાનું નથી. માત્ર અનુભવવાનું છે. વિચાર કે વાચા કંઈજ નહીં) અનુભૂતિના સ્તર પર આ ચાલવાજ દો.. અને એમાં આત્મ પ્રદેશો ઉપર લાગેલા અને જામેલા પાપ કર્મના થરના થર-પોપડી ઉખડતી જાય છે. કર્મોની નિર્જરા થાય છે. કર્મક્ષય થાય છે. આત્મ વિશુદ્ધિ વધે છે. આત્માની શુદ્ધતમ સ્થિતિ વિશુદ્ધ સ્વરૂપ જોતા જ રહો.

ઉછળતા મોજાથી હિલોળા લેતો મહાસાગર નજર સમક્ષ સ્પષ્ટ દેખાય, અને એમાં ડૂબતા સંસારી જીવોને જૂઓ. એમાં હું પણ એક છું. એવામાં શ્રી યુગાદિદેવ આદીશ્વર દાદાના ચરણયુગલ મળે છે. એની પ્રાપ્તિ ઓચિંતી થાય છે. મારા હાથમાં આવે છે. અને હું આ ભવસાગર તરીને કાંઠે આવું છું. ખરેખર આ ચરણ યુગલ જ મારા માટે ભવસાગર તરવાનું, પાર ઉતરવાનું મહાન આલંબન છે.

એકમાત્ર આધારરૂપ છે. આજ મારી દૃઢ શ્રદ્ધા છે. આ દૃશ્ય નિહાળતા જ જાઓ. પ્રભુના ચરણ યુગલ પકડીને હું આ ભવસાગર તરી રહ્યો છું. પાપ કર્મો ખપવાથી હવે આ ભવસંસારમાં ડૂબવાનો પ્રશ્ન જ નથી રહેતો. બસ હવે તો પાર ઉતરી રહ્યો છું. આ દૃશ્ય જોતા જ રહો...અને પોતાને ભવસંસારમાંથી પાર ઉતરતા જુઓ...કાંઠે પહોંચતા જુઓ...એટલું નહીં...સંસાર પાર ઉતરતા...અને મોક્ષના કાંઠે પહોંચતા જૂઓ...

ધ્યાનની ધારા અખણ્ડપણે અવિરત-સતત સહજ ભાવે ચાલવા દો...જો આ અખંડધારા તૂટી જાય... અને ધ્યાનમાં વિક્ષેપ પડે...કે ધ્યાનમાં વિષયાન્તર-વિચારાન્તર થવા માંડે...ત્યારે છોડી દો...બસ...ધ્યાન પૂરૂ કરી દો. અને ધ્યાન માંથી બહાર નિકળવાનું રાખો.

(ફરી-ફરી આ ધ્યાનાભ્યાસ કરતા રહેવાથી વધુ ને વધુ અનુભૂતિ વધશે..)

બસ...ધ્યાનની ધારા પૂરી થાય છે. હવે ધ્યાનમાંથી બહાર આવવાનું છે..પણ એકદમ આંખો ન ઉઘાડતા..ક્રમે...ક્રમે..ધીરે..ધીરે બહાર આવવાનું છે.

**શ્વાસ નિરીક્ષણ....** આસનની સ્થિરતા ન તોડતા. એ જ આસનમાં સ્થિરપણે રહો...અને ધીરેથી મનને નાકના ટેરવા આગળ લાવીને સ્થિર કરો. (આંખ નહીં ફક્ત મન..) નાકના બે છિદ્રો છે. જુઓ કયા નાકમાંથી શ્વાસ બહાર નિકળે છે? જમણાં? કે ડાબા? અને કયા નાકમાંથી શ્વાસ અંદર આવે છે? જમણાં કે ડાબા? માત્ર જોયા કરો. સહજભાવે જુઓ. વિના કોઈ પ્રયત્ને જુઓ. શ્વાસ કેટલો લાંબો છે? કેટલો અંદર જાય છે? કેટલે સુધી જાય છે? કેટલો લાંબો બહાર નિકળે છે? ઠંડો છે કે ગરમ સ્પર્શ છે? બસ સહજરીતે જોયા જ કરો...મન શ્વાસ જોવામાં જ સ્થિર રહેશે...એટલે બીજા બધા વિચારો બંધ થઈ જશે. આંખ ખોલવાની નથી. સમય જોવાનો નથી. જેટલો સમય સ્થિરતા રહે તેટલો સમય સહજભાવે શ્વાસની આવન-જાવનનું નિરીક્ષણ કર્યા જ કરો... જ્યારે સ્થિરતા તૂટી જાય ત્યારે આ પ્રક્રિયા છોડીને દીર્ઘ પ્રાણાયામ શરૂ કરો.

**દીર્ઘ પ્રાણાયામ-** એજ આસન ની સ્થિરતામાં...આંખો બંધ છે અને શ્વાસ નિરીક્ષણ (પ્રેક્ષા) ની પ્રક્રિયા પૂરી થતા....દીર્ઘ પ્રાણાયામ શરૂ કરો. ધીરે-ધીરે ઉંડો શ્વાસ લો. હવે પ્રયત્ન પૂર્વક સાધ્ય છે. પૂરક કર્યા પછી થોડીવાર (થઈ શકે તો) કુંભક કરો. આખા શરીરમાં ચેતના વ્યાપ્ત થઈ જશે. ફરી રેચન કરો. આ ૧

રાઉંડ થયો. ફરી બીજો, પછી ત્રીજો...એવા ૫-૭ કે ૯ રાઉંડ કરો. વધારે શ્રમ કે થાક ન લાગે તેનું ધ્યાન રાખજો. સ્વસ્થતા જળવાઈ રહેવી જોઈએ.

**ૐ કારોચ્ચાર-** દીર્ઘ પ્રાણાયામ ના ૭-૮ રાઉંડ પૂર્ણ થતા છેલ્લે-ઉંડો શ્વાસ એકદમ ધીરે-ધીરે લીધા પછી તેને છોડતી વખતે "ઓમ્" નો ઉચ્ચાર કરતા.. કરતા.. છોડો.. અવાજ ધીમે-ધીમે મોટો કરો.. ફરી બીજી વાર ઉંડો શ્વાસ એકદમ ધીરે-ધીરે લો.. અને ફરી બીજી વાર ઓમ્ બોલો, એવી રીતે ૫-૭- કે ૯ વાર ઓમ્ નો ઉચ્ચાર શ્વાસ લઈને છોડતી વખતે કરતા જાઓ..

ઉપયોગ બદલાઈ જશે. હવે હાથ જોડતા.. ૐ શાન્તિ; ૐ શાન્તિ; ૐ શાન્તિ; આવી રીતે ૩ વાર બોલ્યા પછી બન્ને હાથ મોઢા ઉપર ફેરવો...ઉપર થી નીચે એમ હળવા સ્પર્શ પૂર્વક ફેરવતા ફેરવતા...આંખો ઉઘાડો.

સન્મુખ પ્રભુ પ્રતિમાં કે ફોટો જે હોય તેના (થોડા હાસ્ય રેલાવતા) દર્શન કરો. બે હાથ જોડીને દર્શન કરો પ્રભુ ચરણોનું નિરીક્ષણ કરો. પ્રભુનો મહાન ઉપકાર માનો, સ્તુતિ બોલો.

ધીરે રહીને આસન ખોલો...

અને ઉભા થઈને પ્રભુ સમક્ષ ૩ ખમાસમણાં આપો.

વિધિપૂર્વક સામાયિક પાળવાનું રાખો. (સમય જોઈ લેવો) જો સમય થઈ ગયો હોય તો સામાયિક પાળવાની વિધિ કરો...


બસ...ધ્યાન ની પ્રક્રિયા પૂરી થઈ... વિશ્વ કલ્યાણની પ્રાર્થના.. સર્વ જીવો ના કલ્યાણની કામનાની પ્રાર્થના કરી... સર્વ મંગળ કરી પૂર્ણાહૂતિ કરો.

---


ખાસ..સૂચના ..વારંવાર ના અભ્યાસથી વધુ પરિપક્વતા આવે છે. નિયમિત પરોઢીયે-પ્રભાતે બ્રહ્મ મુહૂર્તમાં શાંત વાતાવરણમાં, અને શાંત સ્થાનમાં નિયમિત આ ધ્યાનાભ્યાસ કરવો, રોજ કરવો જેથી વધુ નવો પ્રકાશ પડશે..અનુભૂતિ થશે.



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ.



શ્રી આદિનાથ ભગવાન



પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્
વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ. સ્વ. આચાર્યદેવ શ્રી
સુબોધસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ. પન્યાસ પ્રવર શ્રી અરૂણવિજયજી ગણિવર
(રાષ્ટ્રભાષા રત્ન, સાહિત્ય રત્ન, M.A., ન્યાય-દર્શનાચાર્ય M.A.,Ph.D.)

# પરમ તપસ્વિની-તત્ત્વજીજ્ઞાસુ-શ્રદ્ધાવાન



# શ્રીમતી ઈન્દુમતિબેન વિ. શાહ

મહાવિદેહ ક્ષેત્રે પ્રયાણ કર્યુંાણ કર્યું-૫-૨૦૦૦

શ્રી શંખેશ્રી શંખેશ્રી શંખેશ્રી શંખેશ્રી શંખેશ્ ભક્તિ દ્વારા

૨ ૨ ૨ ૨ કર્યું,

મા મા મા મા મા અંત અસિમ

કૃપાથી કૃપાથી કૃપાથી કૃપાથી કૃપાથી સર કર્યા,

એવી ઉત્કૃષ્ટ જી જી નુમોદના સાથે

વિનુભાઈ ચુનીલાલ શાહ

જીવનસાથી

KRUPA-KHUSHBU 8867062